'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ
મૈત્ર્યાદિ ૪ ભાવના, પરોપકાર અને કૃતજ્ઞતાભાવની અનુપ્રેક્ષાઓનો સંપૂટ

# પરમ ભદ્રંકર મૈત્રી અને પરોપકાર

## || ૨ ||





**પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

સંકલન : પંન્યાસ વજસેનવિજય ❊ આચાર્ય હેમપ્રભસૂરિ

મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્યભાવ
એ બધા જ રીતે સમ્યક્ શ્રદ્ધાનાં ફળ છે.
આવું શીખવાડનાર શાસ્ત્ર અને તેનો પ્રકાશનાર
દેવ-ગુરુ ઉપર શ્રદ્ધા અને પ્રમોદ થાય છે,
એથી વિરુદ્ધ પ્રત્યે માધ્યસ્થ્ય અને કરુણા પેદા થાય છે.
સુખનાં અને દુઃખનાં વાસ્તવિક કારણોનો
વિચાર કરવાથી સમ્યક્ શ્રદ્ધા ઉત્પન્ન થાય છે.
મૈત્ર્યાદિભાવનાથી કષાયો પાતળાં પડે છે અને ઓછા થાય છે.
કષાયની મંદતા-ઓછાશ એ જ ધર્મતત્ત્વનું તાત્ત્વિક ફળ છે.

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रुपं सोऽहं ।
પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)
ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ
આપને 'હસ્તાક્ષર થીમ સોંગ' સાંભળવા મળશે.

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ
મૈત્ર્યાદિ ૪ ભાવના, પરોપકાર અને કૃતજ્ઞતાભાવની અનુપ્રેક્ષાઓનો સંપૂટ

# પરમ ભદ્રંકર મૈત્રી અને પરોપકાર

॥ ૨ ॥




પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય
સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય ※ આચાર્ય હેમપ્રભસૂરિ

- **PARAM BHADRANKAR MAITRI ANE PAROPKAR**

Personal Diaries comprising of Divine thoughts regarding Maitri, Promod, Karuna, Madhystha, Paropkar and Krutgnta Bhav by Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

- **VOLUME - 2 / 9**

Year 2023 • સંવત્ ૨૦૭૯ • 1000 Copies / 120 Pages • For Private Circulation only.

---

- **PUBLISHER**

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Vadodara / Rajkot

team@mindfiesta.com

---

- **SPONSOR**

Shri C. K. Mehta
Vadodra | Mumbai

---

- **ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 1.
bharti@mindfiesta.com
+91 98252 15500

- **eBOOKS AVAILABLE AT**

www.bhadrankar.com
www.navkarday.com
Amazon Kindle
Telegram : HastaksharNuAkshayPatra





પૂજ્ય અધ્યાત્મયોગી પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજીગણિવર્યશ્રીનું જીવન મૈત્રી-પરોપકાર-કૃતજ્ઞતાદિ ગુણોથી અત્યંત ભાવિત હતું. રોમે-રોમમાં આ ભાવો પ્રસરેલા હતાં, તેથી 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'માં તે વિશેષપણે આવ્યા છે. તેમાંથી ઊંડાણભર્યા ચિંતનો આ દ્વિતીય લઘુ પુસ્તિકામાં એકત્રિત કર્યા છે, તેમાંથી એક ચિંતન જોઈએ તો:

'પ્રેમ એટલે જીવો સાથે મૈત્રી-પ્રમોદ-કારૂણ્ય-માધ્યસ્થ્ય. મૈત્રી પવિત્રતાનું તથા મુદિતા પ્રમોદનું કારણ છે. કરૂણા અને ઉપેક્ષા જીવને પૂજ્યતા અપાવે છે. મૈત્રીવંત સત્પુરૂષોની સત્પ્રવૃત્તિઓનું મનથી પણ ચિંતન, પાપ અને તેના વિચારોથી દૂર રાખે છે. સાચી-ગાઢ મૈત્રી સરખા સ્વભાવવાળાઓ સાથે જ સંભવે છે. જેની સાથે મૈત્રી હોય, તેના ગુણો લેવા અને તેના સમાન બનવા કુદરતી વલણ રાખવું. મિત્રો પાસે હૃદયની ગુપ્તતમ વાતો પ્રગટ થઈ શકે. સારા મિત્રો સાથેનો પરસ્પર વાર્તાલાપ ગુણ મેળવવા અને અવગુણ ટાળવા માટે પરમ સહાય કરે છે. ધર્મની શરૂઆત જ જીવમૈત્રીથી થાય છે.'

ધર્મનો પ્રારંભ જ જેનાથી થાય છે, તે તત્ત્વ પૂજ્યશ્રીએ તો જીવનમાં આત્મસ્થ કરેલું જ, કિન્તુ એમણે કદાચ કલ્પના ય નહીં કરી હોય કે એમના ચિંતનો અનેકોને ઉપકારક બની રહેશે! આ સુસાહિત્ય આપણા હસ્તપર્યંત પહોંચ્યું છે, તેમાં પરમ ગુરૂભક્ત આદરણીય સુશ્રાવકરત્ન **સી.કે.મહેતા**ની ઉદારતા સાથે સતત મગ્ન રાજકોટના અમારા સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા**ને અંતરથી ધન્યવાદ.

આ. મનમોહનસૂરિ
હેમપ્રભ વિ.

# આપણા ભેગાં
# સૌનાં ભાણાં માંડીએ જી...



હું જોતો કે પૂજ્ય સાહેબજી દેશ-વિદેશના તત્ત્વચિંતકો, કવિ-લેખકોના વિચારવર્તુળમાંથી પસાર થતાં અને તેથી તેઓમાં અનેકાન્તના સિદ્ધાંતનું મેઘધનુષ્ય ખીલતું! એકદા એક કાવ્યનું રસદર્શન કરાવતાં કહ્યું હતું તેમણે કે: 'રામની વાડીએ' કાવ્યમાં નિઃસ્વાર્થ પરોપકારની એટલી તો સરસ પ્રમોદભરી વાત કરી છે કવિ ઉશનસે કે:

'રામની વાડી ગામ આખ્ખાંની, હોય ન એને વાડ;
બાંધ જો તારૂં ચાલતું હોય તો આભને આડી આડ,
રામની વાડી ભોગવવી ભાઈ, હક્કનાં પાઈ નીર;
સૌને વહેંચી ચાખવી આપણે, રામના ફળની ચીર,
વાડ કરી આ ક્ષિતિજને ના વણસાડીએ, આપણા ભેગાં સૌનાં ભાણાં માંડીએ જી...
રામની ભોંયમાં રામની ખેતરવાડીએ જી, આપણા નામની અલગ છાપ ન પાડીએ જી!'

આજે ૬૮ અક્ષયપાત્રો તથા મૈત્રી, પરોપકાર, કૃતજ્ઞતાદિ વિષયક આ લઘુ ભાગો વાંચું છું, ત્યારે થાય કે તેમણે આપણા બધામાં વહેંચી જ છે તેઓના ઉઘડેલાં આત્મપ્રદેશોમાં ઉગેલા મોક્ષફળની ચીર!...અને એ ય પોતાના નામની અલગ છાપ પાડયાં વગર જ! આપણે સહુ પણ મોક્ષફળ આરોગવા આ અ-ક્ષયપાત્રમાં ભેગાં જ ભાણાં માંડીએ!

વડોદરા/મુંબઈ/પૂના

સી. કે. મહેતા

## મૈત્રીનું ખરું સ્વરૂપ

(1) મૈત્રીને શુભાશ્રવ કહેવાય.

(2) મૈત્રી એ સમ્યક્ત્વમાં અંગાંગી ભાવ છે.

(3) મૈત્રીને ઔદયિકભાવ ન કહી શકાય.

એ તો ગુણ છે, એને ઔદયિકભાવ કેમ કહેવાય?

(4) 'જિન' નામના શાસ્ત્રમાં સમ્યગ્દર્શનાદિ સંવરરૂપ હોવા છતાં સહકારી તથા કારણરૂપ હોવાથી ઉપચારથી તેમને ગણાવેલ છે, તેમ મૈત્રીને પણ ઉપચારથી શુભાશ્રવ ગણાય છે.

કુંડલિની = ભગવત કરુણા.

તે જ્યારે મધ્યમાર્ગ (સુષુમ્ણા = જિનાજ્ઞા) દ્વારા ચક્રોને ભેદીને ઉપર પરમાત્મભગવત કરુણા સાથે એકાકાર થાય, ત્યારે એનું સાચું સ્વરૂપ માધ્યસ્થ્ય પ્રગટે છે.

મૈત્રી = ઈડા. મુદિતા = પિંગલા. ચક્રો = કાર્મણ ગ્રન્થિ.

કાર્મણ ગ્રન્થિઓને ભેદીને કરુણા ઉપર જાય છે.

એમાં થયેલા આઠ કમળો (ચક્રો) તે અષ્ટપ્રવચન માતા છે.

## જૈન મતે મૈત્રીભાવનાનો વિષય

કેવળ સુખી જીવો જ નહિ, પરન્તુ પ્રાણીમાત્ર છે.

પુત્રના દોષોની ઉપેક્ષા કરનાર માતાને
પોતાના સંતાન ઉપર અપાર વાત્સલ્ય હોય છે.
માતામાં પુત્ર-પુત્રી પરત્વેના સ્નેહમાં - મૈત્રીભાવમાં
તથા જીવમાત્ર પરત્વેના સ્નેહમાં સ્થાયીભાવ છે.

જૈન સિદ્ધાંતના બે પાયા : ખમવું અને ખમાવવું.
ખમવાથી ક્ષમા અને ખમાવવાથી ધૈર્ય - ઔદાર્ય કેળવાય છે.

ક્ષમા આપો અને ક્ષમા માંગો.
આપવાથી ઉદારતા અને માંગવાથી ધીરતામાં વૃદ્ધિ થાય,
એ ભાવુકતાના લક્ષણો છે.
એ માટેનું બળ આત્મતત્ત્વની અવિચળ નિષ્ઠામાંથી મળે છે.

મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય -
એ ૪ ભાવો આત્મામાંથી દુર્બુદ્ધિ નાશ કરવાનાં સાધનો છે.
પરમ વૈરાગ્યવાળા આત્માએ ઓઘ યા સામાન્યતયા
બધા જીવો પ્રત્યે મૈત્ર્યાદિ ભાવના ભાવવી જોઈએ.

આ જૈન શાસનનો એક જ સિદ્ધાંત છે : મૈત્રીભાવ.
વેર - વિરોધના અભાવના આધાર ઉપર ખરો સિદ્ધાંત
આત્મજ્ઞાનનો છે, જેનો અધિકારી મૈત્રીભાવવાળો જ છે.

'સિદ્ધાંતની ખાતર માથું આપો' તેનો અર્થ
'મૈત્રી ભાવનાં રક્ષણની ખાતર માથું આપો' એવો છે.

## મૈત્રીભાવના અને આત્મતત્ત્વનું ધ્યાન

મૈત્રીભાવનાં પાયા ઉપર પરમાત્મરૂપ
આત્મતત્ત્વનું ધ્યાન એ આત્મજ્ઞાનનું કારણ થાય છે.
આત્મજ્ઞાનના સિદ્ધાંતથી નિષ્ઠા તથા વિશ્વાસ કેળવાય છે.
મૈત્રીભાવનાં સિદ્ધાંતથી ભાવુકતા વધે છે.
તેનાથી પ્રમોદ - કારુણ્ય અને માધ્યસ્થ્ય કેળવાય છે.
માધ્યસ્થ્યનો ખરો અર્થ ઔદાર્ય - ધૈર્ય - ક્ષમા છે.

સમાન પ્રત્યેની મૈત્રી તે હિતચિંતા છે,
અધિક પ્રત્યેની મૈત્રી તે ગુણપક્ષપાત છે,
દીન પ્રત્યેની મૈત્રી તે કરુણાભાવ છે અને
પાપી પ્રત્યેની મૈત્રી તે ક્ષમાભાવ છે.

વિષયમૈત્રી એ જીવોની મૈત્રીમાં વિઘ્નભૂત છે.
જીવોની મૈત્રી નિરાબાધ રાખવા માટે
વિષયોની વિરક્તિ અનિવાર્ય છે.

સર્વના સુખની અવિરોધી સુખ વિષયના ત્યાગથી જ સધાય.
મૈત્રીભાવનાં વિકાસ માટે જ ધર્મનું સંસ્થાપન છે.
વિષયો મૈત્રીભાવનાં બાધક - રાગકષાયના ઉત્પાદક છે.
કષાયવૃત્તિ મૈત્રીભાવની વિરોધી હોવાથી તેને ત્યાગવી.
દાન, શીલ, તપ, ભાવ, પૂજન, તીર્થયાત્રા, અહિંસાદિ ધર્મો,
ક્ષમાદિ સદ્ગુણો, ઔદાર્યાદિ વૃત્તિઓ મૈત્રી વિકસાવે છે.
ધર્મનું મૂળભૂત પ્રયોજન જીવમાત્ર પ્રત્યે મૈત્રીભાવને
વિકસાવી પરમાત્મપદની પ્રાપ્તિ કરાવવી, એ જ છે.
ધર્મ જીવ અને શિવ સાથેનો સંબંધ બંધાવી આપે છે.
ધર્મ એ ઉત્કૃષ્ટ, મંગળરૂપ, કલ્યાણકારક, વિઘ્નહારક,
ચિત્ત પ્રસન્નતાનું કારણ અને ઉપસર્ગનિવારક છે.
વિષયો એથી વિરુદ્ધ શલ્યરૂપ, વિષરૂપ, આશીવિષ છે.
વિષયોની ઇચ્છા કરવામાત્રથી તે દુર્ગતિદાયક છે.

જે ધર્મ વિષયોનો ત્યાગ અને જયણાને શીખવે છે,

તે જ ધર્મ સર્વજ્ઞકથિત છે નક્કી.

જગતના સર્વ જીવોને હિતકારી છે, તેથી પૂજનીય છે.

એ ધર્મ જેના મનમાં વસે છે,

તેઓ દેવો વડે બહુ પ્રશંસનીય, નમસ્કરણીય છે.

વિષયો પ્રત્યે આદર અથવા બહુમાન એ ભવભ્રમણનો હેતુ છે, તેથી તેનું નિવારણ કરવા પરમેષ્ઠિઓ પ્રત્યે આદર - બહુમાન કરણીય છે. 'વિષયો સુખના હેતુ છે' એવો ભ્રમ નિવારવા 'પરમેષ્ઠિઓ સુખના હેતુ છે' એવું જ્ઞાન મેળવવું જોઈએ, જે નવકારથી પ્રાપ્ત થાય. 'ભગવાન નવકાર પરમેષ્ઠિઓ સકલ સુખના કારણભૂત છે અને વિષયો સર્વ દુઃખોના હેતુભૂત છે' એમ લાગે,

ત્યારે સાચું જ્ઞાન પ્રાપ્ત થાય.

વિષયો ધ્યાનમાત્રથી ક્લેશ - કષાયનું કારણ થાય છે, તેમ

પરમેષ્ઠિઓ શાંતિ - સુખનું કારણ થાય છે.

મોક્ષનું કારણ સમતા છે. સમતા ધર્મની પર્યાયવાચક છે.

વિષયોના ધ્યાનથી કષાય, કષાયથી કર્મ,
કર્મથી અશાંતિ વધે છે, જે દુર્ગતિનું કારણ થાય છે.
પરમેષ્ઠિઓ ધ્યાનમાત્રથી મૈત્રી વિકસાવે છે.
મૈત્રીથી અસંક્લેશ - શાંતિ - સમાધિ - સદ્ગતિ મળે છે.

વિષયોને કષાય અને કર્મ સાથે સંબંધ છે,
પરમેષ્ઠિઓને મૈત્રી અને મોક્ષ સાથે સંબંધ છે.

પરમેષ્ઠિઓના ધ્યાન, સ્મરણ, નમન, પૂજન, જપ, સ્તોત્ર અને સ્વાધ્યાયથી વિકસતી મૈત્રી મોક્ષનું સાક્ષાત્ કારણ છે. પરમેષ્ઠિઓનાં ધ્યાન - આરાધનાથી જીવ, મૈત્રી અને મોક્ષ મેળવે છે. વિષયોનાં ધ્યાન - ઉપભોગથી જીવ કષાય - કર્મ ઉપાર્જે અને પરિણામે સંસારમાં ભટકે છે. જેને ભવનો ભય છે, તેણે વિષયોથી ભય પામવો રહ્યો.

મોક્ષનો અભિલાષ જેને જાગ્યો છે,
તેણે પરમેષ્ઠિઓથી રાગ જોડવો જોઈએ.

વિષયોનો ભય કષાય અને કર્મથી આપણને બચાવે છે. પરમેષ્ઠિઓનો રાગ મૈત્રી અને મોક્ષ મેળવી આપે છે.

'નમો અરિહંતાણં |' એ અરિને - અરિતાને હણનારા,
મૈત્રીભાવને પામેલા, કરુણા, પ્રમોદ અને
માધ્યસ્થ્યભાવને વરેલા મહાસત્ત્વોને પ્રણામરૂપ છે.

વિશ્વની સ્થિતિ - ધારણા અને પોષણ
તે મહાસત્ત્વોના પરમ સાત્ત્વિક ભાવનાબળથી જ થાય છે.

ધર્મ એક બાજુ વાસનાને રોકે છે અને
બીજી બાજુ મૈત્રીભાવને પ્રસારે છે.

'અદ્વેષ્ટા સર્વભૂતાનાં મૈત્રઃ કરુણ એવ ચ |' અર્થાત્
સર્વ જીવો પ્રત્યે અદ્વેષીપણું એ જ મૈત્રી અને કરુણા.

મંગળનું મૂળ = વિષયવિરક્તિ અને પરમેષ્ઠિભક્તિ.
તે કષાયોને રોકે છે અને મૈત્રીને વિકસાવે છે.
વિષયોની આસક્તિ કષાયોને ઉત્તેજે છે, જ્યારે
પરમેષ્ઠિઓની ભક્તિ મૈત્રીને વધારે છે, કેમકે
પરમેષ્ઠિઓ પ્રેમ અને મૈત્રીથી ભરપૂર છે.

મૈત્રી તથા કારુણ્યથી કૃતજ્ઞતા, પ્રમોદથી ભક્તિભાવ અને
માધ્યસ્થ્યથી શમભાવ પોષાય છે.

પરમેષ્ઠિ નમસ્કાર મૈત્રીને પોષે એ પ્રધાન મંગલપણું છે.
વિષય - કષાય એ પાપ છે, કેમકે કષાય સાક્ષાત પાપ છે
અને વિષયો તેને પોષક છે, તેથી પાપનું કારણ છે.
અહીં મૈત્રી એ સાક્ષાત મંગળ છે અને
પરમેષ્ઠિઓ તેના કારણ છે, તેથી મંગળનાં કારણ છે.
સર્વ જીવો સાથે મૈત્રી એ મંગળ છે, કેમકે
જીવતત્ત્વ પ્રેમ, જ્ઞાન, આનંદ, શક્તિથી ભરપૂર છે,
તેથી તેનું ધ્યાન અને તેનું ધ્યાન કરનારનું ધ્યાન
વિશ્વમાં પ્રેમતત્ત્વને વધારનાર છે, તેથી મંગળ છે.
સાધનાનું પરમ રહસ્યભૂત તત્ત્વ એ છે કે : જડતત્ત્વ
સાથે જે મૈત્રી થઈ છે, તે ચેતનતત્ત્વ સાથે જોડવી.
જડની દૂષિત મૈત્રી તોડવી અને ચેતન સાથે જોડવી,
એ માટે જ દાન, શીલ, તપ, ભાવધર્મનું આરાધન છે.
મોક્ષના બે માર્ગ : (૧) વૈરાગ્ય (૨) મૈત્રી. વૈરાગ્યથી
વિષયાસક્તિ ટળે, મૈત્રીભાવથી જીવો પ્રત્યે રુચિ થાય.
રાગ નિવારવા વૈરાગ્ય, દ્વેષ ટાળવા મૈત્રી.

## પ્રભુને શા માટે ભજવાના છે?

પ્રભુની કરુણા ભાવનાનું એક ધ્યાન જ આપણામાં
પ્રભુ પ્રત્યે પ્રેમ, ભક્તિ અને સ્નેહ જગાડવા સમર્થ છે.
'પ્રભુનો ઉપકાર છે' માટે તેમને ભજવાના છે એમ નહિ,
'આપણા ઉપર કરુણા છે' માટે પ્રભુને ભજવાના છે.
પ્રભુમાં કરુણા છે એમ નહિ, પ્રભુ કરુણાસ્વભાવ છે.
ભાવ મનથી થાય છે, સ્વભાવ આત્માનો હોય.
મનમાં થતો કરુણાભાવ એ આત્માના ઘરનો જ છે
પણ મનની મર્યાદિત શક્તિથી તે મર્યાદિત બને છે.
આત્માની શક્તિ અમર્યાદિત છે, તેથી આત્મસ્વભાવરૂપ
પ્રભુનો કરુણાભાવ અમર્યાદિત શક્તિવાળો છે,
સર્વ પ્રાણીઓનાં સર્વ દુઃખોનો નાશ કરવાને સમર્થ છે.
માહાત્મ્ય જ્ઞાનથી થતો સર્વાધિક સુદૃઢ સ્નેહ એટલે 'ભક્તિ'.

## કરુણા અને ભક્તિ વચ્ચેનો તફાવત

કરુણા એક પ્રકારનો સ્નેહ છે, જે દીન ઉપર હોય છે.
ભક્તિ એક પ્રકારનો સ્નેહ છે, જે અધિક ઉપર હોય છે.

જીવમાત્ર પ્રત્યે મૈત્રી અને કર્મ પ્રત્યે દ્વેષ તથા પુદ્ગલમાત્ર પ્રત્યે વિરાગ અને સ્વજીવ પ્રત્યે અનુરાગ- એ અનુક્રમે 'વ્યવહાર' અને 'નિશ્ચય' સમ્યક્ત્વ છે.

Imp. કર્મતત્ત્વની શ્રદ્ધા એ વ્યવહાર સમ્યક્ત્વ.

જીવતત્ત્વની શ્રદ્ધા એ નિશ્ચય સમ્યક્ત્વ.

સર્વ જીવો સાથે મૈત્રીભાવરૂપી અમૃતનો આસ્વાદ સદા સર્વદા લઈ શકાય, એનું જ નામ 'વ્યવહાર'. સમ્યક્ત્વ એ અમૃતનો આસ્વાદ છે. એક વખત તે આસ્વાદ ચાખ્યા પછી તેને છોડવાનું મન થતું નથી અને કોઈ વખતે છૂટી જાય તો તેનું દુઃખ થાય છે, તેથી ફરી ફરીને તે અમૃતનો આસ્વાદ લેવાનું મન થાય છે. મૈત્રીભાવરૂપી અમૃતના કુંડમાં સ્નાન કરીને અજરામર પદની પ્રાપ્તિ થાય છે. કર્મતત્ત્વની શ્રદ્ધાથી જીવતત્ત્વ સાથે મૈત્રી બંધાય અને જીવતત્ત્વની શ્રદ્ધાથી પુદ્ગલતત્ત્વ પ્રત્યે વિરાગભાવ કેળવાય. જેથી નક્કી થાય કે બંનેના મૂળ આધારરૂપ સુખ-દુઃખનું કારણ અન્ય કોઈ નહિ પણ પોતાનો જ આત્મા છે.

મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્યભાવ
એ બધા જ રીતે સમ્યક્ શ્રદ્ધાનાં ફળ છે.
આવું શીખવાડનાર શાસ્ત્ર અને તેને પ્રકાશનાર
દેવ-ગુરુ ઉપર શ્રદ્ધા અને પ્રમોદ થાય છે,
એથી વિરુદ્ધ પ્રત્યે માધ્યસ્થ્ય અને કરુણા પેદા થાય છે.
સુખનાં અને દુઃખનાં વાસ્તવિક કારણોનો
વિચાર કરવાથી સમ્યક્ શ્રદ્ધા ઉત્પન્ન થાય છે.
મૈત્રીભાવનાથી કષાયો પાતળાં પડે છે અને ઓછા થાય છે.
કષાયની મંદતા - ઓછાતા એ જ ધર્મતત્ત્વનું તાત્ત્વિક ફળ છે.
મૈત્રી, પ્રમોદ, કારુણ્ય, માધ્યસ્થભાવનામાં નિઃશલ્યતા રહેલી છે,
તેથી ક્રોધ - માન - માયા - લોભરૂપી શલ્ય નાશ પામે છે.
મૈત્રીનો અભાવ ક્રોધ, પ્રમોદનો અભાવ માન,
કારુણ્યનો અભાવ માયા તથા
માધ્યસ્થ્યનો અભાવ લોભ સૂચવે છે, અને
મૈત્રીથી ક્રોધ જીતાય છે, પ્રમોદથી માન જીતાય છે,
કારુણ્યથી માયા જીતાય છે, માધ્યસ્થ્યથી લોભ જીતાય છે.

ક્રોધને જીતવા માટે મૈત્રી, માનને જીતવા માટે પ્રમોદ,

માયાને જીતવા માટે કરુણા તથા

લોભને જીતવા માટે માધ્યસ્થ્ય વધારો.

ધર્મક્રિયા એ અમૃત છે, ત્યાં પાપવિકારરૂપી ઝેર ન હોય.
૫ વિષયના નાશ માટે પંચપરમેષ્ઠિનું આરાધન જરૂરી છે
અને ૪ કષાયની વિરૂદ્ધ મૈત્ર્યાદિ ૪ શુભ ભાવો છે.
તે શુભભાવોનો સંબંધ અરિહંતાદિ ૪ મંગળો સાથે છે.
આ ૪ મંગળોનો સંબંધ પંચ પરમેષ્ઠિ ભગવંત સાથે છે.

ભવ્યત્વ વિકસાવવાના ઉપાયોમાં...

ચતુઃશરણાગમન, દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદન તદ્ ઉપરાંત
મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્યની શુભ ભાવના,
આહારત્યાગ, પરમેષ્ઠિસ્મરણ, જીવરાશિને ક્ષમાપના,
પાપસ્થાનકોની આલોચના, અતિચારોનું શોધન એટલે કે
પ્રતિક્રમણ અને વ્રતોના ગ્રહણનો સમાવેશ થાય છે.
આમાં મૈત્રી, આલોચના, પ્રતિક્રમણ, ક્ષામણા, વ્રતગ્રહણ,
પરમેષ્ઠિસ્મરણ, બાર ભાવના અને તપ મુખ્ય છે.

પરમેષ્ઠિઓની કરુણા ભાવ સમગ્ર વિશ્વનો નિયામક છે,
તેમ આપણા વ્યક્તિગત વિશ્વનો નિયામક નમસ્કારભાવ છે.
'નમસ્કારભાવ' એટલે પરમેષ્ઠિ ભગવંતોના કરુણાભાવની
પ્રતિપત્તિ, સ્વીકાર, અનુમોદના. તે જ નિયામક છે.
'જગતની ઉન્નતિમાં મુખ્ય હેતુ કરુણાભાવ ભજવે છે'
એ સત્ય અનવદ્ય, અનુપમ અને મૌલિક છે.
'બીજા કોઈની કરુણાથી જ આપણો ભવ નિસ્તાર સધે છે'
એમ માનવું અવિરાધકતા - કરુણાનો આરાધકભાવ છે.
જગતનો સૌથી મોટો ઉપકારી તે છે કે
જે તેના હિતની ચિંતાથી ભરેલો છે, એટલું જ નહિ પણ
તે હિતચિંતાને સાર્થક કરવા પોતાનું સર્વસ્વ ખર્ચે છે.
તીર્થંકર દેવોનું શાસન એ તેમની કરુણાનું જ ફળ છે.
તેમના નામ કે રૂપમાં જ અચિન્ત્ય શક્તિ છે.
જગતના પાપ અને દુઃખોનો વિધ્વંસ કરવાનું સામર્થ્ય છે,
તેનું ઉત્પાદક તેઓના અંતરમાં રહેલો કરુણાભાવ છે,
જે સર્વ જીવોના દુઃખોનો નાશ કરવાની આંતરિક પરિણતિ છે.

પંચ પરમેષ્ઠિની ભક્તિ પરમ પ્રેમરૂપ છે,
કેમકે તે પ્રભુની અહૈતુકી કરુણાને જૂએ છે.
નિષ્કારણ કરુણાર્દ્ર એવા પ્રભુ પર ભક્તિ થવા સહજ છે
અને તે સર્વાધિક અને સુદૃઢ હોય, એમાં નવાઈ નથી.
કપૂર અગ્નિસંયોગથી પ્રકાશ આપી આપમેળે ચાલ્યો જાય છે,
અગરબત્તી સુગંધ આપી આપમેળે નાશ પામે છે,
તેમ વિશ્વમૈત્રી શાસનની સુગંધ ફેલાવી
આપમેળે વીતરાગતામાં ભળી જાય છે.
'જિનતા'નો અર્થ કર્મવૈરીને હણવા જેવા તે છે.
અરિહંતોનું શરણ મૈત્રીભાવનું શરણ છે,
સિદ્ધોનું શરણ પ્રમોદભાવની પુષ્ટિ કરે છે,
સાધુનું શરણ કરુણાભાવને વિકસાવે છે તથા
ધર્મનું શરણ માધ્યસ્થભાવને વિકસાવે છે.
મૈત્રીભાવ સર્વ જીવની સાથે જોઈએ,
પ્રમોદભાવ સર્વ પ્રકૃતિની સાથે જોઈએ તથા
કરુણા - માધ્યસ્થભાવ સર્વ દુઃખી - પાપી પ્રત્યે જોઈએ.

## અહંકાર અને નમસ્કારનો તફાવત

ઉદાસીનભાવ, ઉપેક્ષાભાવ, માધ્યસ્થ્યભાવ –
એ ત્રણે એક રીતે અહંકારનું સ્વરૂપ છે.
મૈત્રીભાવ, પ્રમોદભાવ, કરુણાભાવ –
એ બધી રીતે નમસ્કારનું સ્વરૂપ છે.

પરમેષ્ઠિ ભગવંતો, સર્વ જીવો અને દુઃખી જીવો - પ્રમોદ આદિ શુભભાવનાં જનક છે, તેથી સુખનાં સાધન છે. શાશ્વત સુખનાં સાધન પ્રત્યે નમ્રતા આવે જ છે અને તેનું જ નામ 'નમસ્કાર' છે.

## કેવા વિચારથી અહંકાર ગળે ?

'પરમેષ્ઠિ ભગવંતો સુખનાં અને તેનાં કારણભૂત શુભધ્યાનનાં નિમિત્ત છે' એ વિચાર દૃઢ થતાં તેમના પ્રત્યે ઉદાસીનતા, મધ્યસ્થતા, ઉપેક્ષાવૃત્તિજન્ય અહંકાર ગળી જાય છે અને નમ્રતા ઉત્પન્ન થાય છે. વળી વિભક્તિ ટળી અવિભક્તિ પેદા થાય છે તથા ધ્યાનમાં એકરૂપતા-તાદાત્મ્યતા-નિશ્ચલતા અનુભવાય છે.

માતા અને બાળક વચ્ચે સેતુ છે પ્રેમ તથા કરૂણા.

બાળક માતાનું રક્ષણ કરે છે, ત્યારે માતાના શરીરનું-
રૂપનું - લાવણ્યનું કે વયનું - ગુણનું - જ્ઞાનનું નહિ,
કિન્તુ માતાના ભાવનું, પોતાના પ્રત્યેના વાત્સલ્યનું,
પ્રેમનું તથા કરૂણાનું જ રક્ષણ કરે છે અને
તે કરતાંની સાથે જ સ્વસ્થતાનો અનુભવ કરે છે.

કરૂણાનું ઝરણું આપે આર્દ્રતા.

જે સ્વાર્થવૃત્તિ માનવ પ્રત્યે ઉપેક્ષા કે નિષ્ઠુરતા ધારણ
કરી શકે છે, તે અબોલ પશુઓ કે પ્રાણીઓ પ્રત્યે
દયા કે અનુકંપાને કેવી રીતે ધારણ કરી શકશે?
દયા અને કરૂણાનું ઝરણું સુકાવા માંડે તો માનવઅહિંસા
પણ કેવળ એક જડ ક્રિયા જ બની રહેશે અને એમ
જડતાનો પ્રવેશ થતાં અંગત સ્વાર્થને જ જોનારી બનશે
તથા અન્યોની લાગણી સમજવા જેટલી
આર્દ્રતા અને સહાનુભૂતિ ખોઈ બેસશે.
અત્યના હિંસક પ્રસંગો જોવાથી લાગણી બુઠ્ઠી બની જાય છે.

પ્રશ્ન - ભાવઆરોગ્યની એક માત્ર સાચી દવા કઈ?

ઉત્તર : વિશ્વમૈત્રીભાવ. તે જીવો પ્રત્યે પ્રીતિ છે.

શબ્દ અને અર્થને જેમ અતૂટ મૈત્રી છે,
તેમ મન અને અન્ય સર્વ જીવોને બંધાવા જોઈએ.
ધ્યાનાભ્યાસમાં ચિત્તને સ્થૂલ - સૂક્ષ્મતત્ત્વમાં સ્થિર રાખવાનો
અભ્યાસ તો જ સિદ્ધ થાય કે જો તે નિર્મળ - પ્રસન્ન હોય.
તે નિર્મળતા કે પ્રસન્નતાને રોકનારાં ચિત્તના ઈર્ષ્યાદિ મળો
મૈત્રી આદિ ભાવનાઓથી ટળે છે.

ચારે ભાવનાનો પાયો આત્મૌપમ્ય અથવા અભેદની દૃષ્ટિ છે.
આવી દૃષ્ટિ કેવળ સુખી પ્રત્યે નહિ પણ પ્રાણીમાત્ર
પ્રત્યે કેળવાય, તો દુઃખીનાં દુઃખ દૂર કરવાની કરુણાવૃત્તિ,
ગુણાધિકના ગુણ પ્રત્યે પ્રમોદવૃત્તિ અને તદ્દન જડ જેવા
અપાત્ર પ્રત્યે માધ્યસ્થ્ય યા તટસ્થવૃત્તિ કાયમ રહે છે.
'પ્રાણીમાત્રમાં પોતાના જેવું જ ઝળકતું ચૈતન્ય છે'
એવી દૃઢ પ્રતીતિ જ્યારે યોગી કરે, ત્યારે તેના અહંત્વ
અને મમત્વનું કેન્દ્ર એકમાત્ર ચૈતન્ય બને છે.

દ્વેષ એ પ્રમોદભાવનાનો તથા
સમ્યગ્દર્શન આદિ મહાગુણોનો નાશ કરે છે.
રાગ એ માધ્યસ્થભાવનાનો અને
સમ્યગ્જ્ઞાન આદિ મહાગુણોનો નાશ કરે છે.
જેનામાં દ્વેષ અથવા રાગ આવે, તેનામાં સમભાવ દૃષ્ટિનો
નાશ થાય, તેથી તે મોક્ષ મેળવવાને નાલાયક કરે છે.
પછી ગુણદૃષ્ટિ નાશ પામે છે અને
અરે! સ્વર્ગ મેળવવાને પણ અનધિકારી થાય છે.

<u>મૈત્રી = પિતા, કરુણા = માતા,</u>
<u>પ્રમોદ = ભ્રાતા અને માધ્યસ્થ્ય = પત્ની.</u>

બહિરંગ બાંધવો આ સંસાર રૂપી બંદીખાનામાં નાંખે છે,
અંતરંગ બાંધવો આદિ-અનંતકાળ સુધી સાથે રહે છે,
માટે તેઓ ખરેખરાં સગા છે. તેમાં જો રાગ કરીએ, તો
મોક્ષ અપાવ્યાં પછી પણ તેઓ આપણને છોડી જનારા નથી.
જીવમૈત્રી હિતનો માર્ગ દેખાડે, ગુણ ઉપર પ્રમોદ કરાવે
અને કરુણા તથા માધ્યસ્થ્ય મોક્ષનો માર્ગ દેખાડે છે.

'નમસ્કારની પરિણતિ' એટલે ગુણ માનવાની વૃત્તિ.
ઉપકારીઓના ઉપકારને સ્વીકારવાની સાથે જેનાજેનાથી
ગુણ અને ઉપકાર થતો હોય, તે સર્વના ઉપકાર અને
ગુણને સ્વીકારવાની વૃત્તિ, તે 'નમસ્કાર પરિણતિ' કે
વ્યવહારનયનું પરિભાવન છે.

વ્યવહારનય પરનો ઉપકાર સ્વીકારે છે. તે નયની ભાવનાથી
સતત ભાવિત થનારને નમસ્કારની પરિણતિ આવે જ.
તે પરિણતિ બોધરૂપ, શ્રદ્ધારૂપ અને અનાશ્રવરૂપ હોવાથી
સમ્યગ્ જ્ઞાન - દર્શન - ચારિત્રસ્વરૂપ છે.

'આપણે ચૈતન્યસ્વરૂપ છીએ' એ સત્યનું
વિસ્મરણ થવું, એ જ અજ્ઞાનના અંધકારમાં ડૂબવું છે.
અધ્યાત્મની ભાષામાં આત્મવિસ્મૃતિ એ 'અજ્ઞાન' અને
આત્મસ્મૃતિ એ 'જ્ઞાન' ઇત્યાદિ છે.

જીવ સુખરૂપ હોઈ જ્યાં જીવત્વ છે, ત્યાં સુખ જ છે.
દુઃખ છે, તે કર્મ છે અને જીવોને એ કર્મ કાપવાનો ઉપાય
બતાવનાર શ્રી તીર્થંકરોનો વિશ્વ ઉપર અસીમ ઉપકાર છે.

શુભ કર્મની વ્યાખ્યા સત્શાસ્ત્રોને અનુસરીને લેવી ઘટે.

ઉત્તમ ગ્રન્થોનું અધ્યયન, સત્સંગ અને વિશ્વકલ્યાણની ભાવના જીવાત્માને સન્માર્ગે દોરી જાય છે.

સર્વ જીવરાશિ પ્રત્યે મૈત્રી-પ્રમોદ-કારુણ્ય-માધ્યસ્થ્યનો, જીવત્વ તથા પારિણામિકભાવ પ્રત્યે મૈત્રીભાવનો, ક્ષાયોપશમિકભાવ - શુભૌદયિકભાવ પ્રત્યે પ્રમોદભાવનો તથા ઔદયિકભાવ પ્રત્યે સર્વ સમર્પણનો ભાવ રાખવો.

અદ્વૈતભાવનું વિશ્લેષણ કરતાં

મૈત્રી આદિ ભાવો જ આપણને ઉભા રહે છે.

(૧) બીજાનું સુખ પોતાનું માને તો મૈત્રીભાવ જાગે.
(૨) બીજાનું દુઃખ પોતાનું માને તો કરુણાભાવ જાગે.
(૩) બીજાના ગુણ પોતાના માને તો પ્રમોદભાવ જાગે.
(૪) બીજાના દોષ પોતાના માને તો ઉપેક્ષાભાવ જાગે.

૪ ઉત્તમ ધર્મ : (૧) પરપીડાવર્જન (૨) પરોપકારવ્યસન (૩) ગુરુ - દેવાદિ પૂજન (૪) પાપીની પણ અનુકંપા.

મહાજનોએ આ ઉત્તમ ધર્મ આચર્યો છે - દર્શાવ્યો છે.

બુદ્ધના નિર્વાણમાં એ extinctionની
કલ્પના મુખ્ય છે, તેમ જૈનના વીતરાગભાવમાં પણ
મૈત્ર્યાદિ શુભ ભાવોનું જાણે extinction થયું હોય
તેવો ભાસ થાય છે પણ તે ભાસ બરોબર નથી જ.
નિર્વાણમાં એ શુદ્ધ આત્મા તેની perfect & pure
શક્તિઓ સહિત વિદ્યમાન છે, તેમ વીતરાગતામાં
perfect & pure મૈત્ર્યાદિભાવોનું કાર્ય વિદ્યમાન છે.
વિષની ગોળી અને મધની ગોળી વચ્ચે જે તફાવત છે,
તે તફાવત ઈર્ષ્યાદિ અને મૈત્ર્યાદિ ભાવો વચ્ચે છે.

ગુણ જોયાથી મૈત્ર્યાદિ ભાવો અને
દોષ જોયાથી ઈર્ષ્યાદિ ભાવો પેદા થાય છે.

સર્વ મહાત્માઓ કામે લાગવાના છે કે જેના હૃદયમાં
મૂળભૂત કરુણા પેદા થઈ હોય. ઈશ્વર કામ કરી રહ્યો છે
અને આપણે સૌ એના હાથના ઓજાર છીએ, તેવી
અનુભૂતિ પણ એવા છે કે જેના હૃદયમાં કરુણા છે,
તેમનો પ્રભાવ દુનિયામાં બળવાન છે.

'મારે શું ?' તેવો વિચાર કરવાથી
બધા પણ આપણા માટે તેવો જ વિચાર કરે છે.
મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ - જે આ ચાર
ભાવનાઓમાં અભાવ વધેલો હોય, તેનું ચિંતન કરવું.
માત્ર અરિહંત સાથે નહિ પણ અરિહંત જેના સંબંધમાં છે,
તે સર્વ જીવો સાથે સંબંધ થાય, તે આનંદ અવર્ણનીય છે.
સંચિત કર્મના ઉદયથી મૈત્રી તૂટે પણ મૈત્રીભાવ ન તૂટે,
એ ધ્યાન રાખવું. નવકાર એ મૈત્રીભાવ ભાવ આપે છે.
જગતના દાતારો પોતાનામાંથી થોડું આપે છે, જ્યારે
તીર્થંકરો તો પોતાની પાસે છે, તે સઘળું આપે છે.
એક અરિહંતના જ સંબંધથી આત્મા
૧૪ રાજલોક સુધી સંબંધ બાંધી શકે છે.
મૈત્રી સાથે મધ્યસ્થતા ભળે, તો અમૃત નિપજે.
રાગ અને દ્વેષના પક્ષનો ત્યાગ કરીને
ઉદાસીન, તટસ્થ અને મધ્યસ્થ બનેલો આત્મા
અપૂર્વ સુખ - શાંતિ - પ્રભાવને વિસ્તારનારો થાય છે.

'ધર્મ' એટલે... એકબાજુ મૈત્રીનો અભ્યાસ વધારવો
અને બીજીબાજુ પુદ્ગલ સાથે
માધ્યસ્થ્યભાવનો અભ્યાસ વિકસાવવો.
વળી 'ધર્મ' એટલે સર્વ સાથે ઉચિત વ્યવહાર,
જીવમાત્ર સાથે મૈત્રીપૂર્વકનો વ્યવહાર તથા
અજીવમાત્ર સાથે માધ્યસ્થ્યપૂર્વકનો વ્યવહાર.
મૈત્રી અને માધ્યસ્થ્ય અનુક્રમે
અભ્યાસ અને વૈરાગ્યના સાધનો છે.
જ્યાં સંયમ છે, જ્યાં તપ છે, જ્યાં દૃઢ મૈત્રીપણું છે,
જ્યાં કહેલું કરવાપણું છે, જ્યાં બ્રહ્મચર્ય-પવિત્રતા છે,
ત્યાં જ પરમાત્મા છે, બીજે નહિ.
મૈત્રી-પ્રમોદ-કરુણા-માધ્યસ્થ વડે હિતનો ઉદય થાય છે.
જ્યારે માનવો પોતાના શરીરની જેમ
આકાશને વ્યાપી જશે અને દેહ ઉપરનાં રાગની જેમ
સર્વ જીવો ઉપર મૈત્રીવાળા બનશે, ત્યારે
દૈવ (ભાગ્ય)ને પણ ઓળંગીને દુઃખનો પાર પામશે.

શ્રી દશવૈકાલિક સૂત્રમાં આ વાત કરી છે કે:

જેમ જલ અગ્નિને શમાવે, અમૃત વિષને નિવારે,
તેમ સર્વને સુખી કરવાની મૈત્રીભાવના
દુઃખાગ્નિ અને દોષરૂપી વિષને પોતામાં શમાવી દે છે.

ધર્મની શરૂઆત સર્વના શુભની ચિંતવનાથી થાય છે.
સર્વનું શુભ ચિંતવવાથી સર્વનું શુભ થાય યા ન પણ થાય,
પરન્તુ ન ચિંતવવાથી પોતાનું શુભ તો ન જ થાય.

આત્માનો સ્વભાવ કરૂણા છે.

મૈત્રીથી ગુણ, પ્રમોદથી સુખ, કરૂણાથી પુણ્ય મળે છે.

હૃદયના ગુણો મૈત્રી, કરૂણા, પ્રેમ, ઉદારતા, પ્રસન્નતા
- એ સર્વ આત્માની જ શક્તિઓ છે.

સર્વ જીવોને સત્તાગત શુદ્ધ સ્વરૂપે જોવાથી
ક્ષમા - અહિંસા - મૈત્ર્યાદિ ભાવો વિકસાવી શકાય છે.

સંસારમાં સત્ત્વવાન મૈત્રી એ જ મહત્ત્વવાન વસ્તુ છે.

મૈત્રીની ભાવનાથી જ આત્મભાવ વિકસે છે.

વૈષમ્યનું કારણ કર્મ છે, તેનું નિવારણ મૈત્રી છે.

'મૈત્રી' એટલે મિત્ર સમાન પ્રીતિ અને હિતની બુદ્ધિ.

મૈત્રીભાવથી વૈર - વિરોધ શમી જાય છે અને

અપ્રીતિ - અભાવની લાગણી રહેતી નથી.

સામાને મિત્રરૂપ માન્યો, એટલે મન તેને પોતાના

સમાનપણે જોવાનો પ્રયત્ન કરશે, તેટલું મન ઉચ્ચ બનશે

અને હલકાપણાંનો દુર્ગુણ ચાલ્યો જશે.

મિત્રતા કોઈ સ્વાર્થ સાધવા, દુન્યવી લાભ મેળવવા, સંબંધ

વધારવા માટે નથી પણ મનને ઉચ્ચ કોટિનું બનાવવા છે.

મૈત્રીભાવથી મનની મલિનતા જાય, પવિત્રતા વધે, હૃદય

શાંતિ અનુભવે, આત્મસ્વરૂપ અનુભવવાની યોગ્યતા વધે.

પવિત્ર થએલાં હૃદયમાં શુભ ધ્યાન સ્થિર થાય છે.

સામાન્યથી સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ, ગુણાધિક પ્રત્યે

પ્રમોદ, દુઃખી પ્રત્યે કરુણા અને અવિનીત પ્રત્યે

માધ્યસ્થભાવ જ ઉચિત છે, નહિં તો અવ્યવસ્થા થાય,

કારણકે અસ્થાને પ્રયોગ કરીએ, તો નુકસાન થાય.

- યોગશતક, શ્લોક ૭૯/૮૦ ટીકા

મૈત્રીભાવવાળાને દુઃખ, ચિંતા, ભય કે ગ્લાનિ નહિ,
તેને હંમેશાં આનંદ અને શાંતિ જ રહે છે.

મૈત્રી = સકલ જીવોને મિત્ર માનવાની વૃત્તિ.
પ્રમોદ = અન્યની ઉન્નતિ જોઈને આનંદ પામવાની વૃત્તિ.
કરૂણા = દીન-દુઃખીને જોઈને દયા અને અનુકંપાની વૃત્તિ.
માધ્યસ્થ્ય = વિપરીત માનસ ધરાવનારાઓ પ્રત્યે તથા
નિઃશંકપણે ક્રૂર કર્મ કરનારાઓ પ્રત્યે ઉદાસીન વૃત્તિ
અર્થાત્ ન તિરસ્કાર, ન અનુમોદન.

આ ચારનો સંક્ષેપ એક મૈત્રીમાં થાય છે.

જ્યાં ઊંડે ઊંડે પણ મિત્રતાનો ભાવ નહિ,
ત્યાં પ્રમોદ ઊગતો નહિ, કરૂણા સ્ફુરતી નહિ અને
માધ્યસ્થ્યનો અનુભવ કરી શકાતો નહિ.

પવિત્ર મને જે વ્યક્તિ સર્વ જીવો વિષે દયા અને
મૈત્રી કરે છે, તે બાહ્યાભ્યંતર સર્વ શત્રુઓને જીતે છે.

મૈત્રીથી પવિત્ર, પ્રમોદથી હર્ષવાળા, કૃપા અને
ઉપેક્ષાયુક્ત યોગાત્મન્ એવા આપને નમસ્કાર થાઓ.

મૈત્ર્યાદિ વિનાની ક્રિયા આરાધનાનુષ્ઠાનશૂન્ય ક્રિયા છે.

મધ્યસ્થદૃષ્ટિ, ન્યાયબુદ્ધિ અને ભાવવિશુદ્ધિ એકાર્થક છે.
દ્વાદશાંગી એ પરિણામની વિશુદ્ધિ અર્થાત્ ન્યાયબુદ્ધિ
વિકસાવવા માટે તથા ન્યાયબુદ્ધિ સર્વ જીવોને આત્મ-
સમ ગણી, આત્મતુલ્ય પ્રેમ - મૈત્રી વિકસાવવા માટે છે.

'મૈત્રી' એટલે પરમાં પોતાપણાની બુદ્ધિ,
પોતાની પેઠે પરને દુઃખી ન કરવાની ઇચ્છા કે વૃત્તિ
તથા સમગ્ર બ્રહ્માંડ સાથે સુહૃદ્ભાવ.

વૈરાગ્યનું મૂળ મૈત્રી છે.

મૈત્રી અને કષાયવિજય બંને પર્યાયવાચક શબ્દો છે.

કષાયવિજય માટે ઇંદ્રિયોનો વિજય, તે માટે મન-મમત્વ
ભાવનો, રાગ-દ્વેષનો જય, તે માટે વૈરાગ્ય ભાવનાઓ છે.
સર્વ સત્ત્વ પ્રત્યે મૈત્રીભાવ અને આત્મસમદર્શિત્વ-
એ શુભધ્યાનનો ચંદ્રમા અથવા તો પ્રાતઃસંધ્યા છે.
જીવો પ્રત્યે મૈત્રી અને વિષયો પ્રત્યે વૈરાગ્ય કેળવવા
'નમો અરિહંતાણં ।' પદનો પુનઃ પુનઃ જાપ કર્તવ્ય છે.

જીવોમાં મૈત્રી - વિષયોમાં વૈરાગ્ય સિદ્ધ કરવા વિચારો:

વિષયો વિષમય છે - જીવો પ્રેમમય છે,

વિષયો જડ છે - જીવો ચેતન છે,

વિષયો અનિત્ય છે - જીવો નિત્ય છે તથા

વિષયો અપકારક છે - જીવો ઉપકારક છે.

વિષયોનો રાગ દુઃખનું અને અરાગ સુખનું કારણ છે.
જીવો પ્રત્યે રાગ સુખનું અને અરાગ દુઃખનું કારણ છે.
જે જે ઉપાયોથી જીવો પ્રત્યે રાગ કે મૈત્રી અને વિષયો પ્રત્યે અરાગ કે અમૈત્રી કેળવાય, તે મોક્ષના હેતુભૂત છે.

કરુણા જો શાશ્વત ન હોય, તો વિભિન્ન દેશ - કાળના સર્વ જીવોને કેવી રીતે તારી શકે ?

પાંચ સમવાય એ કાર્યમાત્ર પ્રત્યે સામાન્ય કારણ છે,
જિનેશ્વરોની કરુણા એ વિશિષ્ટ કારણ છે.

રાગ-દ્વેષ જીવના આનંદસ્વરૂપનો વિકાર, અન્યથા ભાવ છે.
આનંદસ્વરૂપ એ પ્રેમમય છે,
તે સર્વ જીવો સાથેના મૈત્રીભાવ વડે પ્રગટ થાય છે.

मैत्र्या सर्वेषु सत्त्वेषु प्रमोदेन गुणाधिके ।
माध्यस्थ्येनाविनीतेषु कृपया दुःखितेषु च ॥
सततं वासितं स्वान्तं कस्यचित्पुण्यशालिनः ।
वितनोति शुभं कर्म द्विचत्वारिंशदात्मकं ॥
इहलोए परलोए य सन्निकम्मं अणुत्तरं तस्स ।
जह पेच्छइ अप्पाणं तह जो सव्वे सया जीवे ॥

- समराइच्च कहा, अष्टक:

જીવો પ્રત્યે મૈત્રી, ગુણાધિક પ્રત્યે પ્રમોદ, અવિનીત પ્રત્યે માધ્યસ્થ, દુઃખી પ્રત્યે કૃપા કે કરુણાની ભાવનાથી સતત વાસિત એવું અંતઃકરણ કોઈક પુણ્યશાળીનું હોય, તે ૪૨ પ્રકારે શુભ કર્મ બાંધે છે. આ લોક-પરલોકમાં પણ અનુત્તર એવું શુભ કર્મ તેનું નિશ્ચિત છે, જે સર્વદા સર્વ જીવોને વિશે આત્મસમો ભાવ રાખે છે. ઉદાસીનતાયુક્ત, મૈત્રીથી પવિત્ર, સંભ્રમરહિત હૃદયને કીપ કરતા હોય, એની ભોગ કર્મો સ્વયં છોડી દે છે.

- સામ્યશતક ૯૮, ૯

કરુણા એ સર્વોચ્ચ આત્મદર્શનનું દ્વાર છે.

પીડા દૂર કરવાનો ઉપાય પરાઈ પીડા અનુભવવી તે છે.

સૌમાં આપણે જ વસ્યાં છીએ.

જેણે ઈશ્વરની કરુણાનો સ્વાદ ચાખવો હોય,
તેણે જાતે કરુણાવાન બનવું જોઈએ.

સમસ્ત જગતમાં કયો જીવ કરુણાને પાત્ર નથી?

કરુણા એ આત્મદર્શનમાંથી વહેતી પાવન ગંગા છે.

પોતાના આત્માની ઐક્ય સર્વ આત્માઓ સાથે જ્યારે મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થનો ભાવ જાગે છે, ત્યારે શાસ્ત્રોનું અને નવકારનું સાક્ષાત પ્રયોજન - આત્મસમદર્શિત્વ સિદ્ધ થાય છે અને તેની સિદ્ધિ કૃતજ્ઞતા અને પરોપકારગુણના પાલનથી થાય છે.

'બધા જ ભય વચ્ચે શરણ આપવાની શક્તિ આત્માની, પરમાત્માની, મૈત્રી-પ્રમોદ-કારુણ્ય-માધ્યસ્થ્ય ભાવની છે' એમ સમજાય, ત્યારે નિર્ભયતા આવે.

જ્યાં આનંદ હોય, ત્યાં મૈત્રી અને પ્રેમ હોય જ.

મૈત્ર્યાદિ ભાવો અને ઔદાર્યાદિ ગુણો
આત્મસ્વભાવને પ્રગટાવનાર હોવાથી 'ધર્મ' ગણાય છે.
આપણા માટામાં મોટી વાત એટલે દેવાધિદેવ શ્રી
અરિહંત પરમાત્માની મહાકરુણા. તે કરુણા આપણામાં
મોટી થતી જાય, તેમ તેમ આપણે મોટાં થતાં જઈએ.

કરુણા મોટી થાય, એટલે જીવ મોટો થાય,
બીજા જીવ અને તેઓના ગુણ મોટાં દેખાય તથા
બીજાના દોષ છેલ્લે જ ખ્યાલમાં આવે.

આપણને હિતનો ભાવ આપનાર પ્રત્યે ભક્તિનો,
અહિતનો ભાવ આપનાર પ્રત્યે કરુણાનો અને
સમાન દશામાં રહેલાં પ્રત્યે મૈત્રીનો ભાવ ન આપી શકીએ,
તો આપણે બંધાયા વિના ન રહીએ.

એ રીતે સમગ્ર વિશ્વ સાથે જીવનું ભાવજોડાણ રહેલું છે.
પરમ ઉપકારી શ્રી તીર્થંકર ભગવંતોની મહાકરુણા
વહી રહી છે, એટલે no one can be bad.
સૌમાં સિદ્ધની અનંત શક્તિઓ છુપાયેલી - ભરેલી છે.

જીવમૈત્રી વિશે 'બૃહત્કલ્પભાષ્ય'માં કહ્યું છે કે:

जं इच्छसि अप्पणं तो जं च णेच्छसि अप्पणं तो।
तं (जं) इच्छ परस्सवि मा, एत्तियग्गं जिणसासणयं॥

અર્થાત્: જે તું તારે માટે ચાહે છે, એ બીજાઓને માટે પણ ચાહ. જે તું તારે માટે નથી ઈચ્છતો, એ બીજાને માટે પણ ન ઈચ્છીશ. બસ, જિનશાસન આટલું જ છે. પરમાત્મા પ્રાપ્તવ્ય છે, એનું સાધન યોગ છે. યોગ એ પરવૈરાગ્યને આધીન છે, જે અપરવૈરાગ્યને આધીન છે,

અપરવૈરાગ્યનો પાયો મૈત્ર્યાદિ ભાવો છે,
એ ભાવોનો ઉત્કર્ષ એટલે મનુષ્યત્વ.

જીવો પ્રત્યે મૈત્રી આદિ ભાવોના અભ્યાસથી દ્વેષ અને વિષયો પ્રત્યે વિરક્તિના અભ્યાસથી રાગ જાય છે. કરુણાના મહાસાગર સરખા મહાત્માઓની ભક્તિ એ સદ્‌ભાવમાં વધારો કરે છે. જે પોતાની જાત અથવા

સ્વાર્થ સિવાય બીજા કોઈને ય ન ઓળખે,
તે જીવને ભવ (સ્વાર્થ) સાગરના મત્સ્યની ઉપમા ઘટે.

मैत्री पवित्र - पात्राय मुदिता मोदशालिने ।
कृपोपेक्षा - प्रतीक्ष्याय तुभ्यं योगात्मने नमः ॥

અર્થ: પવિત્ર જીવો ઉપર મૈત્રીવાળા,
આનંદી જીવો પ્રત્યે પ્રમોદવાળા તથા ઉપેક્ષાને લાયક
જીવો પ્રત્યે કૃપાળુ એવા તમને નમસ્કાર થાઓ.

શ્રી યોગબિન્દુ ગ્રન્થમાં કહ્યું છે કે:

हेतुमस्य परं भावं सत्त्वाद्यायोगो निवर्तनम् ।
प्रधानकरुणारूपं ब्रुवते सूक्ष्मदर्शिनः ॥४२७॥

અર્થ: પાપાકરણના નિયમના હેતુભૂત પ્રધાન કરુણાભાવ
ભાવ શત્રુ, મિત્ર કે ઉદાસીન એવા અપરાધી જંતુઓના
અપરાધને પણ નિવર્તન કરનારો છે, એમ સૂક્ષ્મદર્શી
મહાપુરુષો કહે છે. 'પ્રધાન' માને ભાવપૂર્વકની કરુણા,
જે દ્રવ્યભાવ - ઉભય દુ:ખને ઉદ્દેશીને છે.
સમવસરણ ભૂમિમાં પશુ - પંખી - માનવ - દેવો આદિ
જાતિવૈર વિસરીને પરસ્પર સ્નેહવાળા બને છે,
તેમાં પ્રભુની સિદ્ધ થયેલા પ્રધાન કરુણા જ કારણ છે.

## ધર્મનું લક્ષણ દયા અને કરુણા છે.

## મોક્ષાભિલાષ પણ ભાવકરુણા રૂપ છે.

સ્વ-પર ઉધ્ધારની ભાવનારૂપ કરુણા એ જ વિશ્વનું ધારક-પોષક બળ છે, એથી જ ધર્મના આધારે ધરતી ટકી છે, સૂર્ય-ચંદ્ર નિયમિત ઉદયાસ્ત પામે છે, મેઘ કાળે વરસે છે, વાયુ તિરછું અને અગ્નિ ઉર્ધ્વગમન કરે છે. વિશ્વની વ્યવસ્થાનો સમગ્ર નિયમ ધર્મના પ્રભાવે છે. એ રીતે ધર્મનું લક્ષણ કરુણા અને કરુણાની વિશ્વ ઉપર વ્યવસ્થા, ચલાવવાની શક્તિનું નામ જ કર્મની અચિન્ત્ય શક્તિ, કર્મનો સનાતન નિયમ, કર્મનો અકાટ્ય કાયદો છે. સમગ્ર વિશ્વ કર્મ દ્વારે કરુણાને આધીન છે.

## ઈશ્વર કરુણાપ્રધાન, કર્મ ન્યાયપ્રધાન અને ધર્મ દયાપ્રધાન કહેવાય છે.

દયા, કરુણા અને ન્યાય પણ એકાર્થવાચક જ છે. જ્યાં ન્યાય - ત્યાં કરુણા. જ્યાં કરુણા - ત્યાં ન્યાય. જ્યાં દયા - ત્યાં ન્યાય. જ્યાં ન્યાય - ત્યાં દયા.

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ કે વીર્યરૂપ
આત્માનો કોઈપણ ગુણ લઈએ, તો તે પણ
ન્યાયપ્રધાન, કરુણાપ્રધાન, દયાપ્રધાન જ માલુમ પડે છે.
જ્યાં ન્યાય, દયા કે કરુણા નથી,
તે જ્ઞાન સમ્યગ્જ્ઞાન નથી, તે દર્શન સમ્યગ્દર્શન નથી,
તે ચારિત્ર સમ્યક્ચારિત્ર નથી, તે તપ સમ્યક્તપ નથી,
તે વીર્ય સમ્યક્પરાક્રમ નથી.

આત્માના એ ગુણોને સમ્યગ્ બનાવનાર કરુણા તત્ત્વ છે
અર્થાત્ કરુણાના ગર્ભમાં આ ગુણોની યથાર્થતા સમાઈ છે.
અનુકંપા, આસ્તિક્ય, નિર્વેદ, સંવેગ, પ્રશમ કે સંતોષરૂપી
મહાગુણો પણ કરુણારૂપી મહાસાગરમાં મળી જાય છે.
તીર્થંકરો, ગણધરો, મહામુનિઓ પણ કરુણાનિધાન છે,
પછી એ કરુણા દ્રવ્ય-ભાવરૂપ, સ્વ યા પરવિષયક હો
પણ અંતિમ તત્ત્વ કરુણાને છોડીને બીજું કંઈ જ નથી.
પ્રભુની આજ્ઞા એ કરુણારૂપ હોવાથી કરુણાનું ખંડન એ
આજ્ઞાનું ખંડન અને કરુણાનું પાલન એ આજ્ઞાપાલન.

'નમો અરિહંતાણં'ની મહામંત્રમયતા કરુણાને લઈને જ છે.

સર્વ પાપોનો નાશ કરુણા રૂપ છે,

સર્વ મંગળોનું મંગળ પણ કરુણાના કારણે જ છે.

ભગવાનનું શાસન અને કરુણા સર્વવ્યાપી છે.

ભગવાન સ્વસ્વરૂપમાં સ્થિર રહીને

વિશ્વ ઉપર ઉપકારનું અને વિશ્વને સિદ્ધશિલા તરફ

ખેંચવાનું કામ લોહચુંબકના ન્યાયે કરી રહ્યાં છે.

ગતિ લોહચુંબકમાં નહિ પણ લોહમાં દેખાય છે,

છતાં ય તે ગતિમાં પ્રેરક લોહ નહિ પણ લોહચુંબક છે.

એ ન્યાય ભગવાનની કરુણા અને અનુગ્રહમાં ઘટે છે.

ધર્મની શરૂઆત પરના દુઃખ દૂર કરવાની બુદ્ધિ અને

પૂર્ણાહુતિ સર્વનાં દુઃખ દૂર કરવાની શક્તિ થાય છે.

પરના દુઃખ દૂર કરવાની બુદ્ધિમાંથી શરૂ થયેલો ધર્મ

સર્વનાં દુઃખ દૂર કરવાની શક્તિમાં વિરામ પામે છે,

તેથી ધર્મતત્ત્વ, પંચ પરમેષ્ઠિ અને તેમનો નમસ્કાર-

ધર્મના પ્રત્યેક અંગો કરુણાતત્ત્વની સિદ્ધિ માટે વિહિત છે.

## કરુણાભાવનો મહિમા

કરુણાભાવ પ્રત્યે જેને ભક્તિ ન હોય,
તે સાધકને શાસ્ત્રે કહેલાં પદાર્થો સમજાતાં નથી.
કરુણા હંમેશાં આભારને અને ભક્તિને પાત્ર છે.
તે કરુણાનો સર્વોત્કર્ષ દેવ અને ગુરુમાં રહેલો છે.
જેનાથી દર્શન પ્રાપ્ત થાય, તે પૂજ્ય-વંદ્ય-માન્ય સત્કાર્ય છે.
વિશ્વની વ્યવસ્થા કરુણાથી જ ચાલે છે.
જો કરુણા ન હોય, તો વિશ્વનો અકાળે અંત આવે.
કરુણાનું ભાન બધાં ભાન કરતાં ચઢિયાતું છે.
જીવો પ્રત્યે ભાવથી મૈત્રી કરવી.
પ્રત્યુપકારની અપેક્ષા વગરની પ્રીતિ તે મૈત્રી છે.
હંમેશા આવા ભાવનાનો અભ્યાસ કરવાથી સામ્યસ્વરૂપ
શુભભાવ પ્રાપ્ત થાય છે, જેને અન્ય દર્શનકારો
'પ્રશાન્તવાહિતા' કહે છે. આ પ્રમાણે શુદ્ધ ઉપયોગસ્વરૂપ
ધર્મમાં સામ્ય (દ્વેષના ઉપશમ) દ્વારા મૈત્રીભાવનાનો
ઉપયોગ થાય છે, એમ નક્કી થયું.

## મૈત્રીના ૪ પ્રકારો

(1) ઉપકારી - ઉપકૃતપ્રસિદ્ધ

(2) સ્વજન - નાલ પ્રતિબદ્ધ

(3) ઇતર - પૂર્વ પરિચિત

(4) સામાન્ય - સર્વ જીવવિષયક હિતચિંતા.

## સાધુને આશ્રી મૈત્રીના ૪ પ્રકારો

(1) ઉપકારી - ગુરુ (2) સ્વજન - ગચ્છ

(3) ઇતર - સંઘ (4) સામાન્ય - વિશ્વ.

અપવાદથી સર્વને માટે આત્માનું વિસર્જન અને ઉત્સર્ગથી આત્મા માટે સર્વનું વિસર્જન એ ધર્મ બની શકે. મૈત્રીની પરિકર્મણા એ રીતે જ થઈ શકે.

## કરુણાના ચાર પ્રકારો

(1) મોહ - ગ્લાનને અપથ્ય દાનરૂપ

(2) અસુખ - દ્રવ્યદુઃખ

(3) સંવેગ - ભાવદુઃખ.

(4) અન્યહિત - કેવલિની જેમ સહજ કરુણા.

## મુદિતાના ચાર પ્રકારો

(1) સુખમાત્ર - વૈષયિક સુખ - આતુર અપથ્ય

(2) સુખવિશેષ - હિતમિતાહારજન્ય પુષ્ટિ

(3) અનુબંધયુત - સ્વર્ગાદિની પરંપરાએ મોક્ષદાયક

(4) અવ્યાબાધ - શાશ્વત સુખ.

## ઉપેક્ષાના ચાર પ્રકારો

(1) કરુણાસારા - આતુરનું અપથ્ય સેવન

(2) અનુબંધસારા - અર્થાર્જનાદિમાં આળસુ પ્રત્યે

(3) નિર્વેદસારા - કટુક વિપાકચિન્તન વડે

(4) તત્ત્વસારા - પદાર્થના સ્વભાવચિન્તન વડે.

વચનાનુસારી, શ્રદ્ધાવાન, સચ્ચારિત્રયુક્ત સર્વ પુરુષને અભ્યાસથી પરોપકાર સિદ્ધ થાય. ઉત્તમ યોગીને સ્વભાવથી પરોપકાર કરવાના સ્વભાવવાળું ચિત્ત હોય. અપરાધનો પરિહાર કરી જે કોઈ પુરુષ પ્રયત્ન કરે છે, તેનો આ અભ્યાસ સિદ્ધિને પામે છે. આગમયુક્ત ગુરુનો વિનય અવિરાધનાનું કારણ છે અને આગમસહિતના

ગર્હપણાથી આરાધના અથવા અપરાધ પરિહાર થાય. અપરાધ પરિહારથી મૈત્રી આદિનો અભ્યાસ સિદ્ધ થાય. અનેક જન્મના અભ્યાસથી તે શુદ્ધ થાય છે અને શુદ્ધ અભ્યાસથી તે પરિણામ પામે છે.

## વિવિધરૂપે મૈત્રી

(a) કૃતજ્ઞતા એ ઉપકારી પ્રત્યેની 'મૈત્રી' છે.

(b) 'ઉપકાર વગર સ્વજન છે' એમ માનીને તેના ઉદ્ધાર કરવા રૂપ મૈત્રી, તે 'સ્વજન મૈત્રી' છે.

(c) સ્વજન સંબંધ નિરપેક્ષ પૂર્વ પુરુષથી સ્વીકૃત મૈત્રી, તે પરિચિત વિષયક 'ઇતર મૈત્રી' છે.

(d) પૂર્વ પ્રતિપન્નત્વ નિરપેક્ષ અપરિચિત સર્વ ઉપર હિતચિંતારૂપ મૈત્રી તે 'સામાન્ય મૈત્રી' છે.

પરહિતચિંતારૂપ મૈત્રીના અધિકારી બનવા માટે પૂર્વ પ્રતિપન્નત્વ સંબંધથી આવેલ પરિચિતોના ઉદ્ધાર રૂપ મૈત્રી આવશ્યક છે અને તે મૈત્રી માટે નાલ પ્રતિબદ્ધત્વાદિ સંબંધથી આવેલ સગાંસંબંધીઓના સાથે

તેમનો ઉદ્ધાર કરવા રૂપી મૈત્રી આવશ્યક છે અને
તેની યોગ્યતા મેળવવા લોકપ્રસિદ્ધ વિવક્ષિત પુરુષવિષયક
ઉપકારને આશ્રયી મૈત્રી જીવનમાં સૌને આવશ્યક છે.

મૈત્ર્યાદિ ગુણોની પ્રાપ્તિ માટે વિષયતૃષ્ણા,
ધર્મમાં અરૂચિ અને ક્રોધકંડૂતિનો અભાવ જરૂરી છે.

પુણ્યાનુબંધી પુણ્યનાં ફળો: મૈત્ર્યાદિ ગુણો, જીવો ઉપર દયા,
વૈરાગ્ય, વિધિપૂર્વક ગુરૂભક્તિ અને વિશુદ્ધશીલનું આચરણ.

પોતાના વિરુદ્ધ ભાવ કોઈના અહિતનો વિચાર ન કરવો
અને એ વિચારને સિદ્ધ કરવા માટે બીજાના ભોગે
પોતાના સ્વાર્થને સાધવો, એ જીવની અયોગ્યતા છે.

ગર્વ એ વિનાશનું મૂળ છે. સાધુક્રિયાને કરનાર
શુદ્ધ ભાવવાળાને શીઘ્રતઃ મૈત્ર્યાદિભાવો સિદ્ધ થાય છે.

'મારનારા કરતાં તારનારો મહાસમર્થ છે'
એવી લોકોક્તિ યથાર્થ છે.

ભવ્ય વિશ્વના બધા જીવોની વધુમાં વધુ નિકટ રહેવાની
આ તીર્થંકર ભગવંતોના આત્માની અનેક જન્મોની પ્રબળતર

ભાવના જ્યારે તેઓશ્રી મોક્ષમાં સિધાવે છે, ત્યારે લોકમાં
સ્વભાવરૂપે કાયમ રહે છે. પોતાના શ્રેષ્ઠતમત્વના પ્રભાવે
જ ૨૬ ભવ ત્રિભુવનસ્વામિત્વ ભોગવતો હોય છે,
તેમ જ તે ભવ કરતાં વધારે પ્રબળ કોઈપણ અન્ય ભાવ
આત્મામાં હોતો નથી, એટલે તેના અસર નીચે રહેનારા
આત્મા ઉપર બહિર્ભાવ કે દુર્ભાવનું જોર ચાલતું નથી.

એક એક પ્રદેશ ઉપર દેવાધિદેવના
એ સ્વાભાવિક ભાવનું અમાપ દબાણ વર્તાય છે.

શ્રી નમસ્કાર મહામંત્રની ક્રિયાથી
મહાકરૂણાના પ્રવાહ સાથે આપણો સંબંધ બંધાય છે.

જેમ પાણીમાં નાવ તરે અને આગળ વધે,
તેમ તે જીવ તરતો તરતો આગળ વધે છે.
ઊંચે આવેલો જીવ સામાન્ય પ્રયત્નથી વધુ ઊંચે જઈ શકે,
પણ વધુ નીચે જાય તો તેને ફરી જ અશુભ ચિંતવવું પડે.
તે સિવાય પોતે મહાકરૂણાના પ્રભાવથી
અળગા ભાગ્યે જ પડી શકે.

# મહાકરુણાનો શાશ્વત પ્રવાહ

મનુષ્ય અને પ્રાણીમાત્રની આસપાસ ભવોભવમાં
અનહદ ભાવેલો ભય મોટે ભાગે રહેતો જ હોય છે.
તે ભયની સરહદ પર જનવા અને સર્વ ભવાતિતકર
ભયમાં દાખલ થવા માટે નવકારનો ભયપૂર્વકનો જાપ,
એક અને અજોડ સાધન બની રહે છે.

પર્વતની અંદર અને આસપાસ પોતાપણાંની લાલસા
ઘેરાયેલા હોય છે, એટલે પરિણામની ધારા ઝૂક જ નીચે
જાય છે અને જગતના સર્વકલ્યાણકર આ મહાછંદને
જીતવાની જીવની ક્ષમતા પ્રાયઃ ગુમ થઈ જાય છે.

જેમ વીણાના તારની સાથે ગાયકના હૈયાનો તાર
જ્યારે એકતા સાધે છે, ત્યારે જ
શ્રોતાઓને ઊંચા સંગીતનો લાભ મળે છે, તેમ
વિશ્વમાં વહેતા મહાકરુણાના શાશ્વત પ્રવાહ સાથે
સાધકનું હૈયું અભેદ સાધે છે, ત્યારે જ જગતના જાગ્રત
જીવોને આત્મસાક્ષાત્કારમાં અનેરી સહાય મળી રહે છે.

શ્રી વીતરાગ પરમાત્માના આત્મામાં
જગતના બધા જીવો પ્રત્યે જે અદ્વિતીય રાગ હોય છે,
તેના પ્રભાવે જ જગતમાં ધર્માધર્મ પ્રવર્તે છે અને એક
જીવને બીજા જીવ પ્રત્યે મૈત્રીભાવ જન્મે છે.
તેના પ્રભાવે જ જીવનની શક્તિઓ વિદ્યમાન રહે
તથા જીવનું જીવત્વ સલામત રહે છે.
સકલ લોકમાં દેવાધિદેવના અનુપમ
સર્વ જીવમિત્રત્વનું જ સામ્રાજ્ય વર્તે છે.
એકે એવો પ્રદેશ ખાલી નથી,
જ્યાં મહાકરૂણાની વિદ્યમાનતા ન હોય!
'આઈ કરી એરલ હાજરાહજુર' અર્થાત્ એ મહાકરૂણાનો
નાદ સકલ વ્યોમને ભરી દે, તેવો ધ્રુવવાદ છે.
કરૂણા ગુણ એ નિર્મળ રાગગુણનું જ ફળ છે, તેથી
તે તેનાથી જુદી ન રહી શકે.
ભાવનારાગ નિર્મળ રાગ હોઈ કરૂણાદિથી સમન્વિત છે.
કેવળરાગ અતિ નિર્મળ હોવાથી આ ગુણોપેત જ હોય.

પાપનો સંબંધ હિંસાદિ દોષો સાથે નથી, દોષોનો સંબંધ
પ્રભ્વપરાધ સાથે છે, તેને નિવારવા માટે
મૈત્ર્યાદિ ભાવનાઓનો અભ્યાસ સર્વોત્તમ સાધન છે.

મૈત્રી, મુદિતા, કરુણા અને માધ્યસ્થ્યભાવથી ભરપૂર પંચ-
પરમેષ્ઠિ ભગવંતોના બહુમાનમાં ચૈતન્યનું બહુમાન રહેલું છે.
ક્રોધ, માન, માયા અને લોભનાં ઉત્કર્ષક તથા પાંચ
વિષયોના બહુમાનમાં ચૈતન્ય તત્ત્વનું અબહુમાન છુપાયું છે.

વિષયોનું બહુમાન એ ચૈતન્યનું અબહુમાન છે તથા
ચૈતન્યનું બહુમાન એ પાંચ વિષયોનું અબહુમાન છે.

પ્રભુની દર્શના તો દ્વાર માત્ર છે.

'દ્વાર' એટલે વચલું સાધન. ખરી રીતે જોતાં તે
દ્વાર વડે આંતરિક કરુણાવૃત્તિ વ્યક્ત થાય છે.

જેમ કોઈ મકાનના દર્પણગત મનુષ્યના પ્રતિબિંબને મનુષ્ય
માને પણ મૂળ મનુષ્યને મનુષ્ય ન માને તે ભ્રાંતિ છે,
તેમ જે વૃત્તિનું પ્રતિબિંબ દર્શના છે, તેને ન માનવું
તથા 'તે ઉપકારક નથી' એમ કહેવું, એ પણ ભ્રાંતિ છે.

ઉત્કૃષ્ટ મૈત્રીમાંથી અપાયાપગમાતિશય, ઉત્કૃષ્ટ પ્રમોદમાંથી પૂજાતિશય, ઉત્કૃષ્ટ કરુણામાંથી વચનાતિશય અને ઉત્કૃષ્ટ ઉપેક્ષામાંથી જ્ઞાનાતિશય ઉત્પન્ન થાય છે.

પ્રત્યેક દ્રવ્યોમાં જે પણ કાંઈ વર્તમાન પર્યાય પરિણમન થાય છે, તે ઈતર સર્વ દ્રવ્યોના પરિણમનને સાપેક્ષ છે.

'ઉદાસીન' એટલે કોઈ એક જ બાજુ ઢળે નહિ પણ મધ્યસ્થ રહી, રાગ-દ્વેષમાં ન ખેંચાઈને વિશ્વોપકાર કરી શકે.

ઉદાસીન હોય તે જ વિશ્વ ઉપર ઉપકાર કરે.

વળી જે પરોપકારી હોય, તે જ સાચા વૈરાગ્યવાળા છે.

વૈરાગ્યમાં સ્વવિષયક રાગનું વિસર્જન છે.

તે પરોપકારભાવ વિના ન જ સંભવે.

ભગવાન સતત ઉપકાર કરી રહ્યાં છે.

એમની કરુણાથી જ જીવો ઊંચા આવે છે.

કરોડો જન્મ સુધી ઉગ્રતમ સાધના કરી, પણ પ્રભુની વિશ્વવ્યાપી કરુણાના દર્શન થયાં વિના આપણા જીવની મુક્તિ થાય નહિ.

પ્રાણીમાત્રના દુઃખ દૂર કરવાની દયાર્દ્રતા તથા
અનંત કરુણા હોવા છતાં ભગવાનની
અચિન્ત્ય શક્તિ ન દેખવી - ન માનવી,
એ અક્ષમ્ય અપરાધ - ગાઢ મિથ્યાત્વમોહનો અંધકાર છે.
બાહ્ય બધા કારણો ગૌણ છે. 'પર' એટલે પરમાત્મા અને
વળી 'પર' એટલે ભવ્ય જીવો, જે પાણીની ધારાની જેમ
આપણા જીવને તરવામાં સહાય કરી રહ્યાં છે તેઓ.
પાણીના સ્થાને પરજીવ અને પરજીવ પ્રત્યે કરુણાવાન
એવા પરમાત્માની વિદ્યમાનતાના આધારે જ જીવનો પોતાનો
પ્રયત્ન ફળીભૂત થાય છે. તેથી જ એ વાક્ય ઉચ્ચારાયું છે કે:
સર્વસ્મિન્ ક્ષેત્રે સર્વસ્મિન્ કાલે ત્રિજગજ્જનાન્ પુનન્તઃ।
અર્થાત્: સર્વ ક્ષેત્રમાં, સર્વ કાળે, ત્રણે ય જગતના
જીવોને પવિત્ર કરતાં.... (અરિહંતોની ઉપાસના કરું છું.)
વર્તમાનકાળનો પ્રયોગ ત્રણે કાળને સૂચવે છે.
આમ માનવામાં ન આવે તો ભવ્ય [illegible] ઉપાસ્ય
પ્રભુ સાથે ઐક્ય સાધી શકાય નહિ.

જગતની બાહ્ય બધી વસ્તુ કાળક્રમે ફેરફાર પામે,
પરંતુ ભગવાનની કરુણા કદી પણ ફેરફાર ન પામે.
સંસારનું ઉર્ધ્વગામી ચક્ર જે અખંડ ચાલી રહ્યું છે, તેની
પાછળ પ્રભુની અખંડ રીતે વહી રહેલી કરુણાનું તત્ત્વ જ છે.
વિશ્વમાં બધું ફરે છે પણ આ કરુણાતત્ત્વ બદલાતું નથી,
તેથી જ વિશ્વવ્યવસ્થા બદલાતી નથી અને તે
સર્વ કાળે સમાન રીતે ચાલ્યા કરે છે.
સર્વને સમાન સુખી બનાવવાની ઇચ્છા એજ એક
અત્યંત પ્રબળ ચૈતન્ય શક્તિ છે કે તેના પ્રભાવે જ
સમગ્ર વિશ્વ નિરાધાર, નિરાલંબન હોવા છતાં પણ ટક્યું છે
અને એ નિયમ મુજબ પરિવર્તન પામી રહ્યું છે.
સૌને સમદ્રષ્ટિથી જોવા, સૌનું સમાન સુખ ઇચ્છવું.
સૌને આત્મદ્રષ્ટિએ નિહાળવા.
પોતાનું જ નહિ પણ સર્વનું દુઃખ ટળે તેવી સાધના કરવી.
માત્ર મૈત્રીભાવનાં અને અભિન્ન ભાવનાં સ્વાનુભવ અને
ઐંદ્રિયિક ભાવના પુરાવાથી સાબિત થઈ શકે છે.

ઇંદ્રિયોના વિષયોમાં નહિ, પરન્તુ
આત્મગુણોમાં સારભૂતતાની સ્થાપના રાખવી.

ક્રોધાદિ કષાયોમાં નહિ પણ જીવો પ્રત્યે મૈત્ર્યાદિ ભાવોમાં
અમૃતતુલ્ય આસ્વાદનો અનુભવ થાય છે.

ચારે કષાયો તો કટુક વિપાકને આપવાવાળા છે અને
મૈત્ર્યાદિ ભાવો અમૃતત્વને - અજરામરપણાને પમાડે છે,
એવું ભાન કરીને સાધકને
સત્સંગતિ અને સત્શાસ્ત્રોના જોરે થયાં કરે છે.

પ્રભુનું કે પિશાચનું કારખાનું છેવટે મન જ છે.

રાગ-દ્વેષ, ઇર્ષ્યા, અસૂયાને ધોનાર ચાર ભાવનાઓ છે.

મનનાં મેલ ધોવા માટેનો શ્રેષ્ઠ ઉપાય વિચાર-વિવેક છે,
શાસ્ત્રાભ્યાસ, સત્સંગ અને સ્વરૂપરમણ છે.

મૈત્રીભાવનાનાં સાર્વત્રિક પ્રચાર, સ્વીકાર અને આચારમાં
અનેક અનેક પ્રશ્નોનો ઉકેલ રહેલો છે.

મૈત્રીભાવના એ દિલનાં દુ:ખનો મલમ છે.

ઈશ્વર ગુરૂઓનો પણ ગુરૂ હોઈ કરૂણાનો દરિયો છે.

સુખીને જોઈને મૈત્રી કેળવો પણ ઈર્ષ્યા નહીં.

દુઃખીને જોઈને કરુણાર્દ્રતા કેળવો પણ તટસ્થતા નહીં.

ગુણીને જોઈને અનુમોદન કેળવો પણ દ્વેષ નહીં.

પાપીને જોઈને ઉદાસીનતા કેળવો પણ તિરસ્કાર નહીં.

ઈશ્વર માફ કરતો જ રહે છે.

એની સજામાં પણ કરુણા રહે છે.

મૈત્રી, કરુણા, દયા, પ્રેમથી દૂષણ ધોવાય છે.

મુદિતા વડે સ્વભાવ અને સત્ત્વ વિશાળ બને છે તથા

તામસ સંકોચ કે રાજસ દંભ વિસરી જવાય છે (ઉપેક્ષા).

ચિત્તને શુદ્ધ કરવાનો ઉપાય મૈત્ર્યાદિ ભાવો છે,

સ્થિર કરવાના ઉપાયો ઈશ્વર પ્રણિધાનાદિ અનેક છે.

'મૈત્ર્યાદિ ભાવો ધર્મધ્યાનનું રસાયણ છે' એનો અર્થ છે:

શુદ્ધ ચિત્ત જ ચિત્તને સ્થિર કરનારી

અન્ય વસ્તુઓનું ધ્યાન કરવાને સમર્થ થાય છે તથા

શુદ્ધ ચિત્તવાળાને જ ધ્યાનનો અધિકાર છે. અશુદ્ધ

ચિત્તવાળાની શુદ્ધ ધ્યેયને વિષે ય એકાગ્રતા થતી નથી.

સદ્ગુરુ વિના એ વિશ્વનું સૌથી મોટું ગ્રન્થાલય છે.

અભ્યાસમાં સમાધિનો, સંતોષમાં વૈરાગ્યનો,
તપ-સ્વાધ્યાયમાં શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ વગેરેનો અને
ધ્યાનમાં મૈત્રી-કરુણાદિ ભાવનાઓનો સમાવેશ થાય છે.

ઇંદ્રિયજય કઈ રીતે થાય?

વિષયોમાં મૈત્રીભાવે પ્રવર્તન-નિવર્તન કરવાથી,
અનાસક્તિપૂર્વક પણ સંબંધનો અભાવ રાખવાથી,
અવિરુદ્ધ વિષયોનું સેવન - વિરુદ્ધનો ત્યાગ કરવાથી,
વિષયોમાં આસક્તિના અભાવથી, પૂર્ણ અપ્રવૃત્તિથી તથા
મધ્યસ્થભાવે જ્ઞાનમાત્ર રાખવાથી ઇંદ્રિયજય થાય.

આત્માર્થી મહાત્મા પરસુખે સુખ,
પરદુઃખે કરુણા અને પરગુણે હર્ષ કરાય છે.
બહારના વહેપાર કરતાં આંતરજીવનના વહેપારનો
નફો - તોટો ગણવાની રીત જુદી જ છે.

મોક્ષની ઉતાવળ નહિ અહિત પ્રમાદ પ્યારો છે.

મનુષ્ય આંતરશૌચને વિના પ્રમાદે સેવે, તો તરી જાય.

'तत्त्वं धर्मस्य सुस्पष्टं, मैत्रीभावविकासनं ।'

અર્થાત્: મૈત્રીભાવનાં વિકાસથી જ ધર્મની સિદ્ધિ થાય છે.

'ધર્મ' એટલે અવ્યાબાધ સુખનું સાધન.

તે મૈત્રીભાવનાં વિકાસથી જ સિદ્ધ થાય છે.

'અર્થ' એટલે વૈષયિક સુખનું સાધન.

તે સ્વાર્થભાવનાં વિકાસથી જ સિદ્ધ થાય છે. તેથી અર્થને રૌદ્રપરિણામ અને કામને આર્તપરિણામ કહ્યો છે. મોક્ષ એ શુદ્ધ પરિણામ છે, તો તેના સાધનરૂપ ધર્મ એ શુભ પરિણામ છે. તે મૈત્રીભાવનાં વિકાસથી જ સુલભ છે.

નમવું = ખમો અને શમો યાને સર્વ સાથે મૈત્રી કેળવો.

મૈત્રી : સ્વ-પરના પારિણામિક ભાવ ઉપર રાખવી.

પ્રમોદ : સ્વ-પરના ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિકભાવ.

કરુણા: સ્વ-પરના મોહનીયના ઔદયિકભાવ ઉપર રાખવી.

માધ્યસ્થ્ય: સ્વના બાકીના સાત કર્મના ઉદય ઉપર રાખવું.

પરના મોહનીયના ઔદયિક ઉપર ઉપેક્ષાભાવ રાખવો અને પરના બાકીના ઔદયિકભાવો ઉપર કરુણા રાખવી.

નામસ્મૃતિ મુક્તિમાં પહોંચાડે, એ નમસ્કારનો ઉપકાર છે.
જીવો પ્રત્યેનો કૃતજ્ઞતાદિ ભરેલો આ ભાવ જ
પરોપકાર કરતાં આત્મભાવ પરિણમનમાં જોડે.
આમ કૃતજ્ઞતા અને પરિણમનવૃત્તિદિ મુક્તિ અપાવનાર
અને જગતના જીવોને ધર્મરક્ષા કરનાર એકમાત્ર
V.V. Imp. 'નમો' એ પરમ ધર્મ ગણાય છે.
'ખંતો દંતો સંતો ઉવસ્સારાહગો નરો હોઈ ।
જો પુણ વિવરીય ગુણો ઉવસ્સ વિરાહગો સો ઉ ॥'
અર્થાત્ : ક્ષાન્ત, દાન્ત, શાન્ત (નમો - ખમો - શમો) થવાનો
ઉપાય 'નમો' મંત્રનું સતત અને અનવરત આરાધન છે.
'નમો' મનને દમે, ક્રોધ - માનને વશ કરે, માયા - લોભને
શમાવે, મૈત્રી વિકસાવે, પ્રમોદ પેદા કરે, કરૂણા જગાડે,
માધ્યસ્થ્યને પોષે, આસ્તિક્યને લાવે, અનુકંપા જગાવે,
નિર્વેદને પમાડે, સંવેગને ચખાડે, ઉપશમને સ્થિર કરે,
સમિતિ, ગુપ્તિ અને મહાવ્રતોને વિકસાવે, સદ્ગુણોનું
જોર જમે અને સર્વ દુર્ગુણોના જોરને બાળી નાંખે છે.

## મોટામાં મોટું અને સાચું મહાભિનિષ્ક્રમણ કયું ?

ચોમેરથી, હંમેશને માટે
આત્માને દેહાદિ ઉપરથી આત્મભાવ ઉઠી જવો અને
આત્મામાં જ આત્મભાવ કાયમ રહેવો તે તથા
દેહ વગેરેમાંથી ચાલી જવું, બહાર જવું,
તેમની સરહદ પર થઈ જવું, મુક્ત થવું તે.

वसुधैव कुटुम्बकम् । સરલ જીવનમંત્ર.
પ્રેમનો ભાવ જો આખા વિશ્વને કુટુંબ માની શકે એટલો
બધો બધાને ચોમેર પ્રસરી શકતો હોય, તો
જાણી જોઈને તેને શાને ટૂંકાવવો અને સંકુચિત કરવો?

શાસ્ત્રસ્વાધ્યાય પરમ ઉપકારક છે, તે પરમ કારુણિક છે.

જેમ તરનારો જલના આધારે જ તરી શકે છે,
કિન્તુ જો તે જલને અવગાહે અથવા નરિવત્ ગાહે,
તો તેનું તારૂપણું ન ટકી શકે, ન વિકસી શકે... તેમ
જીવ સાથેના મૈત્રીસંબંધ વિના પરમાત્માની
તારકતા સાથે જીવનો સંબંધ થઈ શકતો જ નથી.

જિનમાર્ગ એ તીર્થંકરોની મહાકરુણાના અંગભૂત છે.
મહાકરુણાનું તે સામ્રાજ્ય સર્વ જીવને આભારી છે.
એવા જીવમાં આત્માના ભાવ સ્વરૂપના ઉત્કટના ભાવને
આરોપવો, તે અંદરની સ્થિતિના ઉઘાડાનું સૂચન કરે છે.
'અધ્યાત્મ કોને કહેવાય?' એ વિષયક ટીકામાં લખ્યું છે કે:
ઔચિત્ય પ્રમાણે વ્રતયુક્તતા, આગમાનુસારે તત્ત્વચિન્તન
અને મૈત્ર્યાદિ ભાવયુક્તતા - આ 'અધ્યાત્મ' છે.
મોહના ૨ પ્રકાર : (૧) દર્શનમોહ (૨) ચારિત્રમોહ.
દર્શનમોહ વિશ્વનું વિસ્મરણ કરાવી કેવળ સ્વાર્થ-
વિષયક જ ભાવ પેદા કરે, જેનો નાશ મૈત્ર્યાદિ ભાવોથી થાય.
મૈત્ર્યાદિ ભાવોથી વૃત્તિ સુધરે છે.
વ્રત-નિયમના પાલનથી પ્રવૃત્તિ સુધરે છે.
મોહ એ સ્વાર્થસ્વરૂપ છે. તેનો પ્રતિપક્ષ વિવેક છે.
વિવેક એ મૈત્ર્યાદિ ભાવ સ્વરૂપ છે, તેથી ધર્મનું મૂળ
મૈત્રી યા કરુણા કહેલ છે. જેમાં ચૈતન્ય શુદ્ધ થયેલું છે
તથા કરુણા પરાકાષ્ઠાએ પહોંચેલી છે, તે પ્રભુને નમન.

'સ્વદયામાં પરદયાનો નિયમ-પરદયામાં સ્વદયાની ભજના'

એ વાક્યનો અર્થ નીચે મુજબ છે:

'સ્વદયામાં પરદયાનો નિયમ' એનો અર્થ જેનામાં સ્વદયા
ઉગી છે, તે અવશ્ય પર પ્રત્યે દયાવાળો હોય જ.
તે નિયમા સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવવાળો હોય.
'પરદયામાં સ્વદયાની ભજના'નો અર્થ એ છે કે:
પરદયા જો પૌદ્ગલિક કીર્તિ આદિના હેતુએ થાય,
તો પરદયા થવા છતાં સ્વહિત ન થાય,
પરન્તુ જો તે પૌદ્ગલિક હેતુએ ન હોય અને શ્રી જિનાજ્ઞાના
પાલન અર્થે અથવા નિષ્કામભાવે પરજીવના કલ્યાણ
માટે હોય, તો તે સ્વહિત કરે જ. આ નિષ્કર્ષ છે.

'સવિ જીવ કરૂં શાસનરસી'ની ભાવના
એ તીર્થંકરત્વનું બીજ છે અને
આત્મસમદર્શિત્વ એ સિદ્ધત્વની યોનિ છે.

ગુણીને નમવું તે નમસ્કાર છે, કેમકે
સન્માનનું દાન તે સર્વશ્રેષ્ઠ દાન છે.

ધ્યાન માટેની યોગ્યતા એ જ છે કે:
જીવોને પોતાના આત્મા સમાન જોવું,
સર્વના કલ્યાણની કામના કરવી તથા
સર્વ પ્રત્યે કરુણાભાવ - આત્મસમાનભાવવાળા બનવું.

અરિહંતની ઉપાસના અને અરિહંતને કેન્દ્રસ્થાને રાખી થતું ધર્માનુષ્ઠાન એ મૈત્ર્યાદિ ભાવોની પરિકર્મણા વિના થતી ધર્મક્રિયાઓની નિષ્ફળતા સમજવાને પર્યાપ્ત છે.

અરિહંત પરમાત્મા ઉત્કૃષ્ટ મૈત્રીભાવવાળા છે, તેથી તેઓનું આલંબન ન લેનારને કલ્પાંત કાળે પણ મુક્તિ નથી, એવો શાસ્ત્રકાર ભગવંતોનો સ્પષ્ટ અભિપ્રાય છે.

ક્રિયા વખતે પ્રભુનું ધ્યાન ચાલુ રાખવાનું
પ્રયોજન એ છે કે પ્રભુમાં રહેલા

મૈત્ર્યાદિ ભાવોનું અનુમોદન - બહુમાન કરવા તથા તે ભાવો પ્રાપ્ત કરવાનો મનોરથ કરી શકાય અથવા પ્રભુ વડે ભક્તનું રક્ષણ થઈ રહ્યું છે, તેમાં પ્રધાન હેતુ પ્રભુમાં રહેલાં મૈત્ર્યાદિ ભાવો છે, એ ન ભૂલવા માટે છે.

નવકાર એ જીવો પ્રત્યે મિત્રભાવ સાધવાની સાધના છે
અને સામાયિક એ મિત્રભાવને સ્થિર કરી
અસ્થિમજ્જાવત્ બનાવવાની સાધના છે.

જીવ સાથે મિત્રભાવ થવાથી જીવના શત્રુભૂત કર્મ
અને કષાય પ્રત્યે શત્રુભાવ આપોઆપ પેદા થાય છે.

ધર્મનું સુસ્પષ્ટ તત્ત્વ મૈત્રીભાવનો વિસ્તાર છે.
મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્યભાવને
વિકસાવવાની સાધનાનું નામ જ શ્રી નવકાર, શ્રી સામાયિક
અને શ્રી જિનશાસનની એકની એક સાધના છે.

'तत्त्वं धर्मस्य सुस्पष्टं मैत्रीभाव विकासनम् ।
परोपकार निर्माणं शमवृत्त्युपासनम्' ॥

વિષય-કષાયના વિપાકોનો વિચાર કરવાથી
પ્રાપ્ત થતો સમતાભાવ લૌકિક છે, જ્યારે
જીવો પ્રત્યેના મૈત્રીભાવથી થતો વિષય અને
કષાયો પ્રત્યેનો શત્રુભાવ લોકોત્તર છે,
તેથી તેનો અભ્યાસ અંતે અસંગપણામાં પરિણમે છે.

'નમો અરિહંતાણં' વડે આપણે ભગવાનને ભક્તિભાવ આપીએ, તેના બદલામાં પ્રભુ આપણને મુક્તિભાવ આપે છે.

એ રીતે mutual relation છે.

બદલાનો ભાવ reciprocal છે, એટલે
જીવો પ્રત્યે મૈત્રીભાવ આપવો, એ ધર્મ થઈ પડે છે.

દ્વેષની ઉત્પત્તિ રાગભાવમાંથી,
રાગની ઉત્પત્તિ મોહભાવમાંથી અને
મોહની ઉત્પત્તિ અજ્ઞાનદોષમાંથી થાય છે.

તેથી એક અજ્ઞાનના નિગ્રહથી
મોહ, રાગ અને દ્વેષ ત્રણે દોષોનો નિગ્રહ થાય છે,
તેમ એક દ્વેષનો નિગ્રહ કરવા માટે
મૈત્રીભાવ કેળવવાથી દ્વેષભાવ જાય છે અને
રાગભાવનો નિગ્રહ થાય છે, કેમકે
દ્વેષના નિગ્રહમાં રાગભાવ બાધક થાય છે.

દ્વેષ દૂર કરવા રાગ - રાગ દૂર કરવા મોહ અને
મોહ દૂર કરવા માટે અજ્ઞાન હટાવવું અતિ આવશ્યક છે.

મૈત્રીભાવની સાધનાની જેમ
જ્ઞાન વડે થતી વૈરાગ્યભાવની સાધના પણ
રાગ, દ્વેષ અને મોહરૂપી ત્રણે દોષોનો નિગ્રહ કરે છે.

જ્ઞાન - દર્શન - ચારિત્ર એ સ્વતંત્ર ગુણ છે, તેથી તેને પ્રગટાવવા માટે ત્રણેના પ્રતિબંધક એવા દોષ રાગ-દ્વેષ અને મોહનો નાશ કરવા માટે સ્વતંત્ર સાધના જરૂરી છે.

વૈરાગ્યથી રાગ, મૈત્રીથી દ્વેષ અને જ્ઞાનથી મોહ નાશ પામે છે.

જેટલાં પ્રમાણમાં મૈત્રીનો પ્રેમરસ વરસાવી શકીએ,
તેટલાં પ્રમાણમાં મન ઉપર વિજય થાય છે.

તેનો ટૂંકામાં ટૂંકો રસ્તો એટલે અહંકારના ટુકડે ટુકડા કરી, તેને ફોરી કાઢી, ભીતરમાં રહેલાં સત્યને શોધી કાઢવું.

શમપ્રકર્ષોઽનિર્વાચ્યઃ । મુદિતાદેસ્તદાત્મતા । અહિરિઃ

'શમ' નામના સ્થાયી ભાવનાં પ્રકર્ષરૂપ શાંતરસ અનિર્વાચ્ય છે. તે સુખ-દુઃખ, રાગ-દ્વેષ, ચિંતા-ભય વગેરેથી પર છે અને મુદિતા, મૈત્રી, કરુણા અને ઉપેક્ષાથી પ્રતીત થાય છે.

જગતમાં શ્રેષ્ઠ બંધનરૂપ પ્રેમ જ સર્વને વશ કરે છે.

જેમના હૈયામાં નમસ્કાર પદાર્થ છે,
તેના હૈયામાં મૈત્ર્યાદિ ભાવો સહજ બને છે.

સર્વનું હિત કરનારાઓ પ્રત્યે અને સર્વના હિત દ્વારા પોતાનું હિત થાય છે, માટે પોતાના હિતમાં નિમિત્ત બનનારા સર્વ પ્રત્યે નમસ્કારભાવ રાખવો આવશ્યક છે.

'જેની હિતચિંતા કરવામાત્ર વડે ઊંચા આવી શકાય, ચિત્તમાં જેની ચિંતવના કરવામાત્રથી ભાવ ઉઠાવી શકાય, તે ભગવંત કેટલું અચિન્ત્ય શક્તિવાળું હોવું જોઈએ!' એ જાતિનો વિચાર ભગવંત પ્રત્યે નમ્રતા લાવે છે.

સમત્વભાવ મૈત્રી, પ્રમોદ, કારુણ્ય, માધ્યસ્થ્યરૂપ છે. તેને ટકાવવા માટે જીવોની અધિકતાનું ભાન જોઈએ. અધિકતાનું ભાન = ભગવંતની હિતચિંતાથી થતા હિતનું ભાન.

એનું જ બીજું નામ 'નમસ્કારભાવ' છે.

વિશ્વવ્યવસ્થા જે ધર્મના આધારે ટકી છે,
તે 'ધર્મ' એટલે શું?

તો એનો ઉત્તર છે કે નમસ્કારભાવ એ જ ધર્મ છે.

## મૈત્ર્યાદિ ભાવોની આવશ્યકતા શા માટે?

જીવતત્ત્વની આરાધના કરવા અને જીવના જીવત્વની
વિરાધના ન થવા દેવા મૈત્ર્યાદિ ભાવોની આવશ્યકતા છે.
જીવતત્ત્વની આરાધના અને વિરાધનાના શુભાશુભ ફળનો
સ્વીકાર એ જ નમસ્કાર અને સામાયિકભાવ છે.
તેમાંથી જ મૈત્ર્યાદિ ભાવો જાગે છે.

તે ભાવનો પ્રકર્ષ જ અહંકાર તથા મમકારના બંધનમાંથી
મુક્તિ અપાવી અવ્યાબાધ સુખના ભોક્તા બનાવે છે.
સમતાભાવ સામાયિકરૂપ તથા સામાયિક મૈત્રીભાવરૂપ છે.
મૈત્રીભાવ કેળવવા માટે
માધ્યસ્થ્યભાવ, કરુણાભાવ, પ્રમોદભાવ આવશ્યક છે.

એ ચાર ભાવનાં અભ્યાસમાં આડે આવતાં વિઘ્નો
નિવારવા એ ચાર ભાવવાળા, સામાયિકભાવવાળા
પંચપરમેષ્ઠિ ભગવંતોને પુનઃ પુનઃ નમસ્કાર કર્તવ્ય છે.
એ નમસ્કાર પાપરૂપી વિઘ્નોનો નાશ કરે છે અને
સમતાધર્મ રૂપી મંગળને મેળવી આપે છે.

## <u>રાગ-દ્વેષરહિતતા અર્થાત્...</u>

રાગના હેતુઓમાં રાગ ન કરવો અને
દ્વેષના હેતુઓમાં દ્વેષ ન કરવો, કિન્તુ મધ્યસ્થ રહેવું.
પોતાની પ્રત્યેનો ગાઢ રાગ પાતળો પડે,
એટલે શ્રી સિદ્ધોની પૂર્ણ દૃષ્ટિનો યોગ થઈ જ જાય.
<u>શ્રી સિદ્ધ ભગવંતોની પૂર્ણ અનુગ્રહી દૃષ્ટિને</u>
<u>ઝીલવાની આંશિક યોગ્યતા તે 'સમ્યક્ત્વ'</u>
તે યોગ્યતા ઉઘડ્યાં પછીથી જ જીવને એના
શિવત્વનું દર્શન અથવા સંવેદન થાય છે.
રાગ-દ્વેષ માધ્યસ્થરૂપ અને પરમાનંદલક્ષણા તથા
સમાધિ એ રાગ-દ્વેષ માધ્યસ્થ્યાલંબના હોય છે.
પોતાની જેમ જ સર્વને જોવા, અન્યથા પક્ષપાત સિદ્ધ થાય.
અપક્ષપાતી એવા માધ્યસ્થ્યનું પ્રથમ પગલું ન્યાયબુદ્ધિ
અને અંતિમ પગલું રાગ-દ્વેષમાં મધ્યસ્થતા છે.
ન્યાયબુદ્ધિ સર્વ પ્રત્યે આત્મતુલ્ય પક્ષપાત કરવાનું કહે છે,
માધ્યસ્થ્યવૃત્તિ રાગ-દ્વેષરહિત થવાનું સૂચવે છે.

મનથી સર્વનું હિત ઇચ્છવું = 'शिवमस्तु सर्व जगतः ।'

'મારી આત્મા મોક્ષે જાય,
બીજા સંસારમાં સર્વ જીવને હું પીડા આપતો અટકું.'

એ વિચારમાં સર્વ જીવનું પોતાથી થતું અહિત અટકાવવાનો વિચાર હોવા છતાં બહુ બાબા સર્વ જીવોથી પરસ્પર અહિત થઈ રહ્યું છે, તેને અટકાવવાનો વિચાર નથી.

'न निषिद्धं अनुमतं ।' એ ન્યાયે
બાબાઓ વડે થતું અહિત અટકે, એ વિચારના અભાવે બાબાઓ વડે થતાં અહિતની અનુમતિ ઉભી જ છે.

તેનાથી બચવા માટે એ ભાવ આવશ્યક છે કે:

'परहितनिरता भवन्तु भूतगणाः ।'

જે જીવો પરહિતથી અટકી જ ગયા છે, તેની અનુમોદનાર્થે 'दोषाः प्रयान्तु नाशं ।' ભાવની બહુ આવશ્યકતા છે.

'મોક્ષાર્થી જીવ કોઈનું અહિત ચિંતવે નહિ.'

એ વાક્યમાં અર્થાપત્તિથી સર્વનું હિત ચિંતવે, કેમકે તે વિના જીવનું મોક્ષાર્થીપણું ટકે નહિ.

'પરહિત નિરતાઃ।'માં પરનું હિત કરાવવાનો આશય છે.
'દોષાઃ પ્રયાન્તુ નાશં।' એમાં અનુમોદવાનો આશય છે.
એ રીતે એક જ શ્લોકમાં પરહિતને કરવા,
બાળકો પાસે કરાવવા અને જેઓ કરી રહ્યાં છે,
તેઓને અનુમોદવાનો આશય ગુંથાયેલો છે.
એ ત્રણ ભાવ મળીને જ 'સર્વત્ર સુખી ભવતુ લોકઃ।'
એ મનોરથ સિદ્ધ થઈ શકે છે.
ત્રણમાંથી એક આશય પણ અધૂરો હોય, તો
છેલ્લાં વાક્યની માંગણી પ્રમાણે
સર્વત્ર સર્વ લોક સુખી બની શકતું નથી.
'મનથી સાવદ્ય ન કરવું, ન કરાવવું અને ન તો કરતાંને સારું
માનવું' એ પ્રતિજ્ઞા સાર્થક કરવા 'શિવમસ્તુ સર્વ જગતઃ।'
શ્લોકમાં કહ્યાં મુજબની સૌ ભાવનાઓ આવશ્યક છે,
અન્યથા 'હિંસા કરું નહિ કરાવું નહિ,
અને કરતાંને સારી માનું નહિ' એવી પ્રતિજ્ઞા પાળવા
માટે કોઈ હિંસા કરતો હોય, તો એને અટકાવવાની અથવા

'જગતને દુઃખ આપતાં અટકો'
એમ ન ઈચ્છવું, તે પણ અર્થાપત્તિથી અનુમોદન જ છે.
'જગતથી દોષરહિત થાઓ' એમ ન ઈચ્છવું,
એ પણ સૂક્ષ્મ અનુમોદનનો જ પ્રકાર છે.
'સૌ હિંસા કરતાં અટકો' ભાવનાની જરૂરત રહેતી નથી,
કિન્તુ એ ભાવના વિના પ્રતિજ્ઞાનું પાલન અશક્ય છે,
કોઈક 'જગત જીવો દુઃખમુક્ત થાઓ' અથવા
'સર્વ જીવો અવ્યાબાધ સુખને પામો' એ ભાવ ન આવે,
ત્યાં સુધી દુઃખી જીવોના દુઃખનું અનુમોદન ટળતું નથી.
'દુઃખ દૂર થાઓ' એમ ન ઈચ્છવું એ દુઃખનું અનુમોદન છે.
પ્રતિજ્ઞાનો જે અંશ સંપૂર્ણપણે પાળવો શક્ય છે, તેની
ઉપેક્ષા અને જે અંશો સંપૂર્ણપણે પાળવા અશક્ય છે,
તેને પાળવા - પળાવવાનો અતિ આગ્રહ એ મૂઢતા છે.
સર્વ જીવોના હિંસાના અનુમોદનમાંથી સર્વથા બચી જવા
માટે સર્વ જીવોનું હિત ચિંતવવું, જગત પાસે ચિંતવાવવું
અને ચિંતવનારનું માનસિક અનુમોદન કરવું અપરિહાર્ય છે.

દુઃખનું કારણ જગત પ્રત્યેની આસક્તિ જ છે.

માત્ર દુઃખી પ્રત્યે જ નહિ, પરન્તુ
દુઃખ દેનાર પ્રત્યે પણ કરુણા એ સાચી કરુણા છે.

દુઃખ દેનાર તો અજ્ઞાની છે,
માટે જ તે બીજાને દુઃખ દે છે,
માટે તેના તરફ તો સવિશેષ કરુણા રહેવી જોઈએ.
દુઃખી તો તેનાં દુઃખફળ ભોગવી દુઃખનિવૃત્ત થઈ શકે છે,
કિન્તુ અજ્ઞાનીના દુઃખનો તો કોઈ અંત જ નથી.
દુઃખી કરતાં પણ અજ્ઞાની મહાદુઃખી હોવાથી જ્ઞાનીને
તેના પ્રત્યે સહજ અને અધિક કરુણા ઉદ્ભવે છે.

જ્ઞાની ભગવંતો કહે છે કે:
જે સમજ્યા વિના દુઃખ ભોગવે છે, તે જ દુઃખી થાય છે.
જે સમજપૂર્વક દુઃખ ભોગવે છે, તે દુઃખી થતો જ નથી.
'પોતાને કોઈ બહારની વ્યક્તિ કે શક્તિ દુઃખ આપી
રહી છે' એવી માન્યતા વધારે દુઃખી બનાવે છે.

દુઃખનું ખરું કારણ પોતે જ છે.

દુઃખને સમજપૂર્વક અને શાંતિથી સહન કરવામાં આવે,
તો તે દુઃખને એક શક્તિમાં રૂપાંતર કરી શકાય અને
સુખનું કારણ પણ બનાવી શકાય.

પોતાને કદીય દુઃખ આવે એવું કાંઈ ન કરે, તો
દુઃખ એ તો બહુ મહત્ત્વનું શિક્ષણ આપનારું બને છે.

દરેક વ્યક્તિ ત્યારે જ સુખી થઈ શકે છે,
જ્યારે પરસ્પરના ગુણાનુરાગી બને,
પરસ્પરની ખૂબીઓ જોઈ રાચે અને પ્રેમાળ બને તથા
પરસ્પરની ખામીઓ જોઈ ક્ષમાશીલ - કરુણાશીલ બને.

ઈશ્વરી યોજના સૌને સુખી કરવા માટે છે.
કર્મ જીવોને અનેક રીતે સંબંધમાં લાવે છે અને
પ્રેમના મૈત્રી જેવા જુદા જુદા પાસાં ખીલવવાની અને
જૂના ધિક્કારને પ્રેમમાં પલટાવવાની તક આપે છે.

વિશ્વ પ્રતિ પ્રેમ કેળવવો = સહિષ્ણુતાવૃત્તિનું પરમબળ.

વિશ્વહિત એ પરમાત્માનું ધ્યેય છે.
તેને જ અનુસરનાર ગુરુ એ ગુરુત્વને શોભાવે છે.

'નમવું' એ પ્રેમલક્ષણા અથવા અર્પણલક્ષણા છે.

એ માટે નારીહૃદય જોઈએ, તે 'નમો' પદથી કેળવાય છે.

ભજનાનંદ એ વિષયાનંદ અને બ્રહ્માનંદથી ભિન્ન છે.

એ માટે હૃદયમાં સાચો ભાવ, તન્મયતા, સમર્પણ જોઈએ.

મંજાપૂર્ણ કોમળ હૃદયની સૂચક ૧૦ દશા

(1) ચક્ષુઃપ્રીતિ (2) મનઃસંગ (3) નિદ્રાચ્છેદ (4) મૂર્છા

(5) સંકલ્પોત્પત્તિ - આસક્તિ (6) વિષયનિવૃત્તિ

(7) તનુતા (8) લજ્જાપ્રણાશ (9) ઉન્માદ

(10) તન્મયતા કે સ્વનું વિસર્જન.

પુરુષહૃદય કઠોર હોવાથી ભક્તિમાર્ગે સ્ત્રીહૃદય જરૂરી છે.

પ્રભુની સેવાનો આનંદ સહજ રીતે તે મેળવી શકે છે,

કારણકે એ ભગવાનના પ્રસાદરૂપ શક્તિ છે.

'જગતમાં જે વસ્તુ છે જ નહિ.

એક જ મૂળતત્ત્વ ભિન્ન નામ અને રૂપોથી દેખાઈ રહ્યું છે.

આટલું સમજ્યા પછી ભજનનો અંત આવી જાય છે.

એ જાણ્યા પછી બધું જણાઈ જાય છે.

## એકતાના છ પ્રકારો માટે મૌન જરૂરી

જાતિગત, વ્યક્તિગત, ધંધાગત, રાજગત, ભાષાગત, ધર્મગત.

પુરુષ કામમદ અને સ્ત્રી માયામદ છે,
તેથી એનું રૂપાંતર જ્ઞાન કે ક્રિયામાત્રથી નહિ આવતું.
તે માટે ભક્તિ-મૌન જરૂરી છે, જેનો પાયો અભેદનય છે.
જ્ઞાન અને ક્રિયાનું મૂળ ભેદનય છે. અભેદના પાયા
ઉપર ભેદનું જ્ઞાન અને પ્રવર્તન શુદ્ધિને કરનારું છે.
જ્ઞાનને નિરહંકાર અને ક્રિયાને નિરાભિમાન બનાવનાર,
નિર્વિકાર અને નિરાશંસભાવ લાવનાર,
અહંકાર-મમકારનું વિષ ઉતારનાર એક અભેદનય જ છે.
આત્મભાવ - ત્રિભુવન વચ્ચે પૂર્ણ સ્વરૂપે અભેદ છે.
દેવ અને ગુરુની નિઃસીમ કૃપાનું અટલ નિકટવર્તિત્વ
પ્રભુના પ્રભુની એજ અનુભવી શકાય છે.
મહાકરુણાના વિશ્વસામ્રાજ્ય ઉપર
'માંગો અને મળશે' એ અટલ ન્યાય ટકેલો છે.
આત્માની અનંત શક્તિનું એ વચન છે.

સમ્યગ્દર્શન એ માનસિક દયાધર્મના પાલનરૂપ છે.
સમ્યક્ત્વસહિત કાયિક-વાચિક પાલન મોક્ષનો હેતુ છે.

આત્મ-અનાત્મના અવિવેકને કારણે થતી મારાં-તારાંની ભાવના જ રાગ-દ્વેષને ઉત્પન્ન કરે છે.

સર્વ દર્શનમાં આ અવિવેકનું નિરાકરણ જ ઇષ્ટ છે. આત્માથી અતિરિક્ત પદાર્થ ન માનો તો પણ એમ કહી શકાય કે જે કાંઈ પણ છે, તે આત્મા જ છે, માટે સ્વ-પરનો ભેદ કરી રાગ-દ્વેષ શા માટે કરવા? આત્માથી અતિરિક્ત એક કે અનેક પદાર્થ માનો, તો પણ એમ કહી શકાય કે જે વસ્તુઓ તારી નથી અને કદીના નથી, તો તેમાંથી એક ઉપર પસંદગી કરીને રાગ અને બીજા ઉપર નાપસંદગી ઉતારીને દ્વેષ શા માટે કરવો? તું તારાં સ્વરૂપનો જ વિચાર કર. તું પોતે ચૈતન્યરૂપ છે અને બીજું જે છે, તે જડ છે. ચેતન થઈને જડના બંધનમાં શા માટે પડવું? મોક્ષના આ પાયા ઉપર વિશુદ્ધિ મેળવવી, તે મોક્ષનો ઉપાય છે.

આ નવકારને સોંપાયેલું મન વિશ્વમન બની શકે છે.
જ્યાં સુધી મન 'પોતાનું' રહે, પોતે સર્વનો ન બની શકે.

તીર્થંકર ભગવંતોની મહાકરુણાની સ્વાભાવિક સક્રિયતાનો પુરાવો છે કે જ્યારે સમષ્ટિગત સાધનાનાં મહાશિખરેથી આપણે વ્યક્તિગત સાધનાની તળેટી સુધી આવી પહોંચ્યા હોઈએ, ત્યારે તરત જ સર્વ જીવહિતચિંતાવિષયક ભાવની કડી આવી મળે છે. સર્વ જીવહિતચિંતાની પરાકાષ્ઠાથી પ્રગટતી અવ્યક્ત અને અમૂર્ત છતાં સક્રિય અને જીવંત તથા સમગ્ર લોકના એક એક પ્રદેશની ઉપર સામ્રાજ્ય ચલાવતી મહાશક્તિનું નામ 'કરુણા' કે 'ધર્મમહાસત્તા'.

માત્ર એક જ વ્યક્તિનો તે મહાશક્તિ સાથેનો સંબંધ
આખા વિશ્વના હિતમાં પરિણમે છે.

કાળાદિ કારણોને પકવવામાં તેનું દૃઢ આલંબન જરૂરી છે. આરાધક જ્યારે યોગબળથી આત્મભાવને વિશ્વહિતચિંતામાં જોડે છે, તે જ સમયે તે સ્વથી છૂટી સર્વ સાથે જોડાઈ વિશ્વ સંગેનું અદ્ભુત આત્મસાયુજ્ય સાધે છે.

જેમ સત્ત્વના વિચાર વિના ધર્મ ન હોઈ શકે, તેમ ધર્મ વડે સત્ત્વની રક્ષા થઈ શકે, એ જાતિની શ્રદ્ધા ધારણ કર્યા સિવાય ધર્મની આરાધના કેવી રીતે થઈ શકે?

ધર્મમાં સત્ત્વને રક્ષવાની શક્તિ છે, કેમકે સત્ત્વના વિચારથી જ ધર્મ થાય. જેમાં સત્ત્વનો વિચાર રહેલો છે, એવા મૈત્રીમાં સૌને રક્ષવાની શક્તિ આવે, એમાં આશ્ચર્ય શું? એ શક્તિ હોવા છતાં સત્ત્વની રક્ષા થતી કેમ નથી?

ઉત્તર: અશ્રદ્ધા એ આવરણ હોવાથી એ જાતિની શ્રદ્ધા સત્ત્વને સમજાવે ઉગતી નથી.

સમરસાપત્તિ લાભ = મનનો સર્વોત્કૃષ્ટ ઉપયોગ.

મનનું આલંબનાકારે પરિણમન તે સમરસાપત્તિ સમજવી.

સમરસાપત્તિ લાભ સર્વ મંત્રોનો મહારાજા છે, સર્વ સંગરહિત છે, પરમાનંદસ્વરૂપ છે, જ્ઞાનરસ રૂપ છે.

તત્ત્વવિદ્ પુરુષોના તત્ત્વજ્ઞાનનો એ સાર છે.

આ લાભનું ઉચિત પ્રવૃત્તિ વડે, ક્ષમાદિ ગુણો વડે અને મૈત્ર્યાદિ ભાવો વડે સંવર્ધન થાય છે.

આસો વદી ૩, ગુરૂવાર

V.V. [signature]

નમસ્કારનો પરમાર્થલાભ લાવવા માટે:

(૧) પોતાનામાં રહેલાં અગણિત દોષો જોવા જોઈએ.
જો દોષનો લેશ પણ પોતાનામાં દેખાય,
તો ત્યાં સુધી પોતાની જાતને નિર્ગુણી માનવી જોઈએ.

(૨) બીજાનો નાનો ગુણ જોઈને પણ હર્ષ ધારણ કરવો જોઈએ.
ભવચક્રમાં ગુણની પ્રાપ્તિ અતિ દુર્લભ છે,
તેથી બીજાના નાના ગુણને પણ નાનો ન માનતાં
મેરૂ જેટલો મોટો માનવો જોઈએ.

(૩) ભવચક્રમાં ભ્રમણ કરતાં બીજા જીવોને જે ત્રાસ
ઉપજાવ્યો છે, તેનું દુઃખ ધારણ કરવું જોઈએ અને
તેની શુદ્ધિ માટે અંતઃકરણની ક્ષમા યાચીને
પ્રાયશ્ચિત તરીકે બધા જ જીવોનું સુખ ઈચ્છવું જોઈએ.

(૪) બીજા અનેક જીવોએ અજાણતાથી પોતાને જે ત્રાસ
ઉપજાવ્યો હોય, તે બધાને ખરા અંતઃકરણથી ક્ષમા આપીને
તેનો બદલો લેવાની વૃત્તિ સદંતર છોડવી જોઈએ.

પોતે આજ સુધી તેની અંતઃકરણથી ક્ષમા ન આપી શક્યો,
તેનું દુઃખ થવું જોઈએ.

તેના પ્રાયશ્ચિતરૂપે એવા ભાવના કરવા જોઈએ કે:
'અપકારી જીવો પણ દુઃખ - દોષ - પાપમુક્ત થાઓ.'

પોતાના અપરાધની માફી આપનાર સાધુપુરુષોને જોઈને
અપરાધીને પણ માફી આપતાં શીખવું જોઈએ.

તે ભાવ પ્રગટાવવા ક્ષમાવાન મહાપુરુષોની પ્રાર્થના કરવા.

(૫) વર્તમાન જન્મનાં સૂક્ષ્મ કે ગુપ્ત પાપો પણ
જે ભાવે તે સેવાયા હોય, તે ભાવથી
યોગ્યની સમક્ષ પ્રગટ કરીને નિઃશલ્ય થવું જોઈએ.

તે ફરી ન કરવાની બુદ્ધિથી તેની શુદ્ધિ કરવી જોઈએ.

આલોચના રૂપી આ તપ અભ્યંતર હોવાથી અત્યંત જ
દુષ્કર છે, છતાં તે વિના અભ્યંતર તપના બાકી પ્રકારો
તેને યથાર્થ લાભ આપી શકતાં નથી,
એટલા માટે સર્વ સાધનાઓની સફળતાના
બીજરૂપ આલોચના - પ્રાયશ્ચિત લઈને શુદ્ધ થવું જોઈએ.

(૬) સર્વ જીવોનાં દારૂણ દુઃખો અને
તેનાં કારણરૂપ પાપોને જોઈને હૃદય દ્રવિત થવું જોઈએ.
એવી ભાવના સતત સેવવી જોઈએ કે:
'દોષ અને દુઃખથી બધા મુક્ત થાઓ.'

(૭) આરાધક આત્માઓના મૈત્રીભાવના અભાવનું
દુઃખ થવું જોઈએ અને એ અભાવને ટાળવા માટે
સર્વદા પંચ પરમેષ્ઠિની પ્રાર્થના ચાલુ રાખવી જોઈએ.

(૮) સર્વ જીવોને સ્વરૂપથી સિદ્ધ સમાન જાણીને તેમના
પ્રત્યે પૂજ્યભાવ ધારણ કરવો જોઈએ. દુઃખથી રીબાતાં
જોઈને તેમના પ્રત્યે કરૂણાભાવ ધારણ કરવો જોઈએ.

જીવોને નિકાચિત કર્મથી બંધાયેલા જોઈને
તેમના સૌ પ્રત્યે માધ્યસ્થભાવ ધારણ કરવો જોઈએ.
બધા પોતાની સમાન સુખ-દુઃખની લાગણીવાળા છે, તેથી
સૌ પ્રત્યે સહાનુભૂતિ ધારણ કરીને પોતાની જેમ જ
'તેમને સંપૂર્ણ સુખની પ્રાપ્તિ અને સર્વ ક્લેશની નિવૃત્તિ
જલ્દીમાં જલ્દી થાઓ' એવી ભાવના કરવી જોઈએ.

જેમ દીક્ષા જેવા દુષ્પ્રતિકાર ઉપકારનો પ્રત્યુપકાર કરવા માટે અનિવાર્ય છે, તેમ સર્વ જીવોના ઉપકારનો પ્રત્યુપકાર બીજી કોઈ રીતે થઈ શકે તેમ ન હોવાથી મુક્તિ મેળવવી જોઈએ.

મુક્તિમાં ગયાં બાદ જ ઐહિક સ્વાર્થમાંથી છૂટીને કૃતકૃત્ય થયાં બાદ જ સર્વ જીવોના ઉપકારનો પ્રત્યુપકાર થઈ શકે છે.

કૃતજ્ઞતાને સમજનાર માટે જેમ દીક્ષા અનિવાર્ય છે,

તેમ દીક્ષાનું ફળ પરિપૂર્ણ મુક્તિ છે,

તે મેળવવા પણ અનિવાર્ય કર્તવ્યરૂપ થઈ પડે છે.

મુક્તિમાં ગયા બાદ જ સર્વદા, પરાર્થકરણ શક્ય છે.

પરાર્થકરણના હેતુ જ મુક્તિ અને

તેના વિશેષ હેતુ જ તેના કારણરૂપ ભાગવતી પ્રવ્રજ્યા છે.

નમવું = ખમવું, દમવું, શમવું, ગમવું, સન્માન આપવું, આત્માનું દાન કરવું અને પોતાનું કાંઈપણ ન રાખવું.

એક નમવાની ક્રિયાથી બધી ક્રિયા આપોઆપ થઈ જાય છે.

હૃદયમાં શુભભાવ પ્રગટ થતાં પહેલાં

જીવ ઉપર શ્રી તીર્થંકર ભગવંતનો અનુગ્રહ થાય છે.

## પરહિતચિંતા અને મૈત્રી.

જ્યારે એક આત્મા ૨ મીનીટ માટે પણ પરહિતચિંતાનું ધ્યાન ધરે, ત્યારે તે પરમાત્માના ધ્યાનમાં પ્રવેશવાની લાયકાત મેળવવા સાથે સાથે ધર્મની અચિન્ત્ય શક્તિના સંબંધમાં આવતા અશુભ બળોની તાકાત ઘટાડે છે અને તે મંગળમય વાતાવરણમાં પ્રાણ પૂરનારી બને છે.

ત્રિભુવનપતિ શ્રી અરિહંત પરમાત્માના સર્વોચ્ચ આત્મભાવનાં ધ્યાનમાંથી આત્મામાં જે ભાવ ઉઘડવા માંડે છે, તે ભાવથી વિશ્વ ક્યારેય જુદું ન રહી શકે, જુદું ન હોઈ શકે. આત્માની શક્તિ અનંતાનંત છે. અંદર ભરેલાં પ્રકાશને બહાર લાવવા માટે પ્રકાશસ્વરૂપ અરિહંતો અને સિદ્ધોનો આશ્રય અનિવાર્ય છે.

સંકલ્પનું કારણ 'સ્વ' છે. વિકલ્પમાં નિમિત્ત 'પર' છે. પતનનું અને ભવભ્રમણનું કારણ આપે પોતે જ છીએ. ઉત્થાનનું અને મુક્તિનું કારણ અન્યની સહાય છે, ઉપકારીઓના ઉપકાર છે.

Imp. સમસ્ત જીવરાશિના ઉપકાર તળે આપણે જ
જીવ મુક્તિમાર્ગમાં આગળ વધે છે.

કોઈ જીવ કરુણાનો, કોઈ પ્રમોદનો, કોઈ માધ્યસ્થનો અને
કોઈ મૈત્રીનો વિષય બની આગળ વધવામાં ઉપકાર કરે છે.

આવી સમજણ ઉગવી તે ભાવનમસ્કાર છે.
તે નમસ્કારભાવમાં જીવને સ્થિર રાખનાર અને
અહંકારભાવને નિવારી આપનાર છે.

સર્વ અને સ્વના સંબંધનું દર્શન એટલે feelings.
સર્વ અને સ્વના સંબંધનું જ્ઞાન એટલે knowledge.
નમ્રતા કૃતજ્ઞતા લાવે છે. તે અંતરાત્મભાવ ઉઘાડે
નમસ્કારભાવ અને અંતરાત્મભાવ એ બે એક જ છે.

પ્રકૃતિનો એવો અટલ નિયમ છે કે:
જે કર્મની પાછળ પોતાના એકલાના જ હિતનો નહિ,
V.V. Imp. બહુ સર્વના હિતનો આશય હોય,
તે કર્મ તો કરે છે એક જ જણ,
પરન્તુ તેનો લાભ પહોંચે છે સર્વ જણને.

# બનો પરની સંબંધ માટે કૃતજ્ઞ

અનાદિથી પરની સંબંધ ઉપર જ જીવતાં આવ્યા છીએ,
છતાં તેનો સ્વીકાર કદી કર્યો નહિ.
અસંખ્યાતપણાંમાં આપણે આ સંબંધનો સ્વીકાર
ભલે કર્યો નહિ, પરન્તુ નિષેધ પણ કર્યો નહિ.
સંજ્ઞી અને મનુષ્ય થયાં પછી પણ
દુર્બુદ્ધિ વડે જેઓ આ સંબંધનો નિષેધ કરે છે,
તે તેઓના ગાઢ મિથ્યાત્વનું સૂચક છે.
જાણીને સ્વીકારીએ કે ન સ્વીકારીએ, કિન્તુ
સમગ્ર વિશ્વ સૌને શક્ય રીતે સંબંધક બની રહ્યું છે.
We are related with all & everything.
આ સંબંધના સ્વીકારથી સૌ અનુગ્રહ પામીએ છીએ,
અસ્વીકાર દ્વારા સૌનો નિગ્રહ થાય છે.
આ સંબંધના સ્વીકારથી સત્યનો સ્વીકાર થાય,
અસ્વીકારથી સત્યનો ઇન્કાર થાય છે.
એકમાં ભક્તિનો અને બીજામાં બ્રહ્મનો સ્વીકાર છે.

## પરહિતનિરત થવા વડે જ સ્વહિત થાય છે.

આહિત કરનાર સ્વાર્થભાવનો ત્યાગ થવાથી હિત થાય.
તે તો જ થાય કે સ્વ કરતાં પરની ચિંતા વધારે લાગે.
તે એટલા માટે કે સ્વના ઉપકારમાં પર જ નિમિત્ત છે.
જે જેને ઉપકાર કરે, તે તેનાથી ચઢીયાતો ગણાય.
સ્વથી પર થવા માટે આલંબન સ્વથી ભિન્ન - પર છે,
તેથી પરને ઉપકારી માની, એ ઉપકારનો પ્રત્યુપકાર
કરવા માટે સદા સજ્જ રહેવું, એનું જ નામ 'પરમાર્થ' છે.
પરમ અર્થ = જે મોક્ષ સાધી આપનારો અર્થ તે પરમાર્થ.
પરના આલંબન વડે જ પરમ સુધી પહોંચી શકાય છે.

## પરોપકાર સિદ્ધ કરવા 3 પ્રાર્થના

'સર્વ જગતનું કલ્યાણ થાઓ' ભાવનાને સિદ્ધ કરવા
'સર્વ જગજંતુઓ પરહિતમાં રક્ત બનો' ભાવના કરવી.
પરહિતરક્તતાથી સ્વાર્થપરાયણતારૂપી મહાદોષ નિવૃત્ત થાય.

## રાગ-દ્વેષના વિષમભાવથી બચવા ત્રીજી પ્રાર્થના

'પરહિતરક્તતા વડે સર્વના દોષો નાશ પામો' કરવાની છે.

## પરહિતરક્તતાદિ સુખની યાત્રા

સુખ થવાનો ઉપાય દોષક્ષય, તેનો ઉપાય પરહિતરક્તતા, પરહિતરક્તતાનું ફળ મોક્ષ, મોક્ષનો ઉપાય પરહિતરક્તતા. પરહિતરક્તતાનું કાર્ય દોષક્ષય અને દોષક્ષયનું ફળ સુખ. સ્વાર્થરૂપી પાપનો નાશ અને પરાર્થરૂપી મંગળની પ્રાપ્તિ કરવા માટે સ્વાર્થાદિ પર તથા પરાર્થમાં લીન એવા પંચ પરમેષ્ઠિની ઉચ્ચતા-પોતાની હીનતા ભાવવા તથા હીનતા નિવારી ઉચ્ચતા મેળવવા માટે વારંવાર પંચપરમેષ્ઠિ ભગવંતનો નમસ્કાર શાસ્ત્રોમાં વિહિત કરાયેલો છે.

### અરિહંતનો નમસ્કાર સ્વાર્થ ભાવનો નાશ કરીને પરાર્થભાવ કેળવવા માટે છે.

સ્વાર્થભાવ મમતારૂપ છે, પરાર્થભાવ સમતાસ્વરૂપ છે. જો જીવો પ્રત્યે અનુરાગ ન પ્રગટે, તો જીવ કૃતઘ્ની બને, સ્વાર્થલંપટ થાય, પાપી બનીને નરકનો અધિકારી થાય. અનુરાગ કૃતજ્ઞતા ગુણને સૂચવે, પરોપકારનો પ્રેરક છે. સામાના ઉપકારને લક્ષમાં લેવાથી અનુરાગ જાગે છે.

'પરોપકાર એટલે પર ઉપર ઉપકાર કરવો' એમ નહિ
પણ 'પરનો પોતાની ઉપર ઉપકાર છે' તે સ્વીકારવું.
બીજાનો આભાર માનવાથી જ પોતા ઉપર ભાર ઓછો થાય.

જ્યાં સુધી આભાર માનવાની વૃત્તિ નહિ આવતી,
ત્યાં સુધી ભાર વધતો જ જાય છે.
પરોપકાર એ પરનો પોતાની ઉપર થતાં
ઉપકારનો આભાર માનવાની ક્રિયા છે,
આપણા ઉપર સર્વનો ઋણ છે, કેમકે
સર્વના ઉપકાર વડે આપણે ભૂતકાળમાં આવ્યા,
વર્તમાનકાળમાં આવીએ ને ભવિષ્યકાળમાં આવવાના છીએ.
પરના હિતની ચિંતા કર્યા વિના જો આપણો વિકાસ
શક્ય હોય તો આપણા વિકાસમાં પર માત્ર નિમિત્ત છે,
તેથી ઉપકારક છે. આપણા ઉપર આપણા આત્મા સિવાય
બીજું કોઈ અપકાર કરી શકતું નહિ. પરનો આભાર ન
માનવાથી જ અપકાર થાય છે, તેથી અપકાર કરનાર પર
નહિ પણ પરનો ઉપકાર ન માનનાર પોતે જ બને છે.

## કૃતજ્ઞતાથી મળે મુક્તિ

ભગવાનનો આભાર માન્યા વિના પોતાનો ભાર ઉતરતો નથી.
એનો અર્થ એ થશે કે કૃતજ્ઞતા ગુણ ધારણ કર્યા વિના
કોઈની પણ મુક્તિ થઈ શકતી નથી.
જેના જેનાથી ઉપકાર થાય, તે બધાનો આભાર માનવો
અને હૃદયથી સ્વીકારવો જોઈએ, તો જ પાત્રતા વિકસે.

## પાત્રતા વિકસાવવાના બે ઉપાય

(૧) આભાર માનવો (૨) કૃતજ્ઞતા ગુણનું પાલન કરવું.
પરમર્ષિઓએ આપણને પરમ આદર્શ પૂરો પાડ્યો છે
અને ઉચ્ચમાં ઉચ્ચ કોટિનું આલંબન આપ્યું છે,
તેથી તેઓના ઉપકારનો ભાર આપણા માથે છે.
તે ભારનો આભાર માનવો એટલે તેમનું આપણા
ઉપરનું ઋણ કબૂલ રાખવું, કૃતજ્ઞતા દર્શાવવી. તે માટે
કોઈપણ શ્રેષ્ઠપદ - સર્વોત્તમ શબ્દ હોય તો તે નમસ્કાર છે.
'નમો' પદ વડે જેવી કૃતજ્ઞતા દાખવી શકાય છે,
તેવી બીજા કોઈપણ પદ વડે શક્ય નથી.

Thank you શબ્દ કરતાં 'નમઃ'માં એ વિશેષતા છે કે હું આભાર માનીને છૂટી જતો નથી પણ જેનો મારા ઉપર ઉપકાર છે, તેનું જીવનપર્યંત દાસત્વ સ્વીકારું છું. જેણે પહેલાં ઉપકાર કર્યો, તેનો પ્રત્યુપકાર પાછળથી થઈ શકતો નથી, તેથી તે જીવનપર્યંત, ભવપર્યંત, તેમનો ઋણી થઈ ચૂકે છે, તે જતાવવાનું સામર્થ્ય 'નમો' પદમાં રહેલું છે. ઋણીપણાનો સ્વીકાર કૃતજ્ઞતા ગુણ વડે જ થાય છે,

તેથી નમસ્કાર એ કૃતજ્ઞતાસૂચક છે.

'આત્મા જ આત્માનો બન્ધુ અને રિપુ છે' એમ શાસ્ત્રો કહે છે, તે આ અર્થમાં સમજવાનું છે. પરનો આભાર ન માનનાર આત્મા આત્માનો શત્રુ છે. પરનો ઉપકાર પોતાના માથે ચઢાવનાર આત્મા જ આત્માનો બંધુ છે. પર હંમેશા ઉપકાર જ કરે છે. તે ઉપકારને પોતે સ્વીકારે, તો પોતાનો બંધુ બને છે. તે ઉપકારનો અસ્વીકાર કરે, તો અસ્વીકાર કરનારો પોતે જ પોતાના હાથે પોતાનો શત્રુ બને છે.

# કૃતજ્ઞતા - પરોપકાર

કૃતજ્ઞતા જ્ઞાનસ્વરૂપ છે. 'પોતાને પ્રાપ્ત થયેલ સામગ્રી પોતાની નહિ પરંતુ બીજા પાસેથી મળેલ છે' એવું જ્ઞાન કૃતજ્ઞતા જન્માવે છે,
તેથી પ્રાપ્ત સામગ્રી ઉપર આસક્તિ જન્મતી નથી.

## દર્શનના સાધનો

ઔચિત્ય, વિનીતતા, વૃદ્ધાનુસારિતા, દયાળુતા, માધ્યસ્થતા, સૌમ્યદૃષ્ટિતા, દાક્ષિણ્યતા, અક્ષુદ્રતા, પ્રકૃતિસૌમ્યતા વગેરે.

## જ્ઞાનના સાધનો

પંચેન્દ્રિયપટુતા - દીર્ઘદર્શિતા (મન)
કૃતજ્ઞતા - પરાર્થતા (હૃદય / ચિત્ત)
વિશેષજ્ઞતા - લબ્ધલક્ષ્યતા (બુદ્ધિ).

## ચારિત્રના સાધનો

જે કૃતજ્ઞ, પરોપકારી, લજ્જાળુ, અશઠ, ગુણાનુરાગી યા સત્કથી નહિ, તે ચારિત્રનું પાલન કદાપિ ન કરી શકે. જ્ઞાનાદિ સર્વ ગુણો વડે આત્મસમભાવ પુષ્ટ થાય છે.

મળેલી સામગ્રીનો ઉપભોગ અનાસક્ત ભાવે થાય, તો
દાન વડે થતો પરોપકાર અહંકારનું કારણ બનતો નથી,
કેમકે પારકી વસ્તુ પારકાના જ ઉપયોગમાં આપવાથી
પોતાને અહંકારનું કોઈ જ કારણ રહેતું નથી.

આમ પાંચ ઈંદ્રિય અને મન કૃતજ્ઞતા અને પરોપકારની
બુદ્ધિ જન્માવી વૈરાગ્ય અને અભ્યાસનું કારણ બને છે.

Cosmic relatedness કે વૈશ્વિક પરસ્પરતાન્વિતા
એટલે 'સર્વ જીવો એકબીજા સાથે સંકળાયેલા છે' તે.

'પરસ્પરોપગ્રહો જીવાનાં |' સૂત્રથી
બીજાને ઉપકાર કરવાથી ઉપકાર થાય અને અપકાર
કરવાથી અપકાર, એ સનાતન સત્યનો સાક્ષાત્કાર થાય.

ધર્મ એટલે સ્વાર્થનું ગૌણપણું, પરાર્થની ફરજ,
લઈ લેવાની Greed નહિ પણ આપવાનો આનંદ.

જ્યારે સ્વાર્થ અને અહંભાવ ગૌણ થાય છે,
ત્યારે જીવોમાં રહેલા જીવત્વ પ્રત્યે ભાવ જાગે છે
અને સર્વમાં કુટુંબપણાંનું દર્શન થાય છે.

'નમો' નમ્રતાનું સૂચન છે અને
'અરિહંતાણં' ઉદારતાનું પ્રતીક છે.

લજ્જા ત્યાં સુધી જ લજ્જા રહે છે, જ્યાં સુધી તેમાં બીજાની હિતચિંતા રહેલ છે. તે છૂટીને પોતાના વિચારમાં આવતાં લજ્જા લજ્જા મટી લાભ બની જાય છે, માટે જ સ્વાર્થને લાભની ઉપમા અને પરાર્થને લજ્જાની ઉપમા સુઘટિત છે.

નમ્રતા વિનાનો પરોપકાર એ અહંકાર છે.
પરોપકાર વિનાની નમ્રતા એ માયાચાર છે.

પરોપકારને નિરહંકાર બનાવવા માટે નમ્રતાલજ્જાની જરૂર છે અને નમ્રતા ગુણને કેવળ શિષ્ટાચારરૂપ ન બનાવવા અને મિથ્યાચાર રૂપ બનતાં બચાવવા માટે પરોપકારગુણની મદદ આવશ્યકતા છે.

પરોપકારથી નમ્રતા ચરિતાર્થ થાય છે અને નમ્રતાથી પરોપકાર ધર્મરૂપ બને છે.

'પોતાના ધર્મથી પોતાને જ લાભ અને બીજાને કાંઈ નહિ' એ વિચાર જીવને કૃતજ્ઞતા અને પરોપકારના ગુણોથી રહિત બનાવે છે. બીજાના ધર્મથી થયેલાં પોતા ઉપરના ઉપકારનો તેમાં અપલાપ થાય છે અને બીજા ઉપર ઉપકાર કરવાના પરિણામનો તેમાં અભાવ થાય છે, બધાનો ઉપકાર લેવાનું રહે છે, કરવાનું રહેતું નથી, તેથી વળી એકલી સ્વાર્થવૃત્તિ જ દૃઢ થયાં કરે છે.

સ્વાર્થવૃત્તિ જ બધાં પાપોનું મૂળ છે અને
પર-અપકારવૃત્તિ ભવ્યત્વભાવનો વિકાસ થતાં અટકાવે છે.
મુક્તિગમન યોગ્યતા = સ્વાર્થવૃત્તિથી મુક્ત થવાની યોગ્યતા.
તે યોગ્યતા પરોપકારપરાયણતાથી જ વિકસિત થાય.

સ્વાર્થવૃત્તિમાંથી પર-અપકારપરાયણતા જન્મે છે અને તે જીવના નિર્મળ સ્વભાવને પ્રગટાવતાં અટકાવે છે.

જીવનો નિર્મળ સ્વભાવ પ્રાપ્ત કરવા માટે
પરોપકારપરાયણ થવું જ જોઈએ અને
તેવું થવા માટે કૃતજ્ઞતા ગુણને વિકસાવવો જોઈએ.

## પરાર્થવૃત્તિના ૨ પ્રકારો

(૧) બીજાએ કરેલાં ગુણોની સ્મૃતિથી થતી નમ્રવૃત્તિ રૂપ.

(૨) બીજા ઉપર ઉપકાર કરવારૂપ પોતાના કર્તવ્યના સ્મરણથી ઉત્પન્ન થતી ઉદારવૃત્તિ રૂપ.

ઉદારતા સ્વને ભૂલવાડવા રૂપ છે અને
નમ્રતા પરને યાદ રાખવા રૂપ છે.

સ્વને ભૂલવા માટે પરાર્થતા - પરને યાદ રાખવા કૃતજ્ઞતા અનુક્રમે ભક્તત્વનો પરિપાક - સ્વત્વભાવનો હ્રાસ કરે છે.

આપણા જીવનમાં બીજા જીવો દ્વારા થયેલાં પોતાના ઉપરના ઉપકારોનું ભાન થયાં વિના થતી પરોપકાર ક્રિયા અહંકાર અને સ્વાર્થને જ પોષે છે, સ્વનું વિસર્જન થવાને બદલે ઉલ્ટું દૃઢીકરણ થાય છે. 'પોતે જેના ઉપર ગુણ કરે, તે જો કૃતઘ્ન બને તો તેની ઉન્નતિ ન થાય અને પોતાના ઉપર જે ગુણ કરે, તેનો ઉપકાર માનવામાં ન આવે, તો પોતાની ઉન્નતિ ન થાય' એ સમજથી કૃતજ્ઞતા - પરોપકારગુણનું પાલન થઈ શકે.

ભગવાન એ 'ભગવાન' બન્યાં છે, કારણકે
તેમણે પરના ગુણને સ્વીકાર્યા છે અને
પરને ગુણ કરવા માટે પુરુષાર્થ પણ સેવ્યો છે.

જેને પરોપકારની પડી નથી, તેની અયોગ્યતા એટલે સ્વાર્થપરાયણતા જતી નથી. જેને બીજાથી પોતાને થયેલાં ગુણની કદર નથી, તેની પણ સ્વાર્થપરાયણતા ટળતી નથી.

સ્વાર્થપરાયણતાને પુષ્ટ કરનાર
કૃતઘ્નીપણું અને પરાપકારકતા : એ બે જ મુખ્ય છે.

પોતાને પરાપકાર ગમતો નથી પણ પરોપકાર ગમે છે તથા પરનું કૃતઘ્નીપણું ગમતું નથી પણ કૃતજ્ઞપણું ગમે છે, માટે આત્મતુલ્ય પરનું ભાન જેને સિદ્ધ કર્યું છે,

તેણે કૃતજ્ઞતા અને પરોપકાર -
એ બે મહાન ગુણોને અપનાવવા જ જોઈએ.
જો એ બે ગુણોને સ્વીકાર અને
વિકાસ કરવામાં ન આવે, તો અનંત અવધિ
પરની વિરાધનાનું મહાપાપ તેને પળે - પળે લાગ્યાં કરે.

'कृतं जानाति स कृतज्ञः ।'

કૃતજ્ઞ જનનારે પરોપકારને ગુણ તરીકે સ્વીકારી જ લીધો.

પરોપકાર સદ્‌ગુણની આ વિશ્વમાં ખ્યાતિ જ ન હોય,

તો કૃતજ્ઞતા ગુણનું પણ અસ્તિત્વ નથી.

કૃતજ્ઞતાને અસ્તિત્વમાં લાવનાર પરોપકૃતિ છે અને

પરોપકૃતિને પ્રેરનાર કૃતજ્ઞતા છે.

કૃતજ્ઞતા જેવો ગુણ ન હોય,

તો પરોપકાર સંભવતો નથી, કેવળ અહંકાર જ રહે છે.

પર ઉપર ઉપકાર કરવા સ્વને ભૂલવો જ જોઈએ.

સ્વને જ મુખ્ય માનનાર અને પરોપકાર વડે પણ સ્વનું

માન વધારવા પ્રયત્ન કરનાર જે પરોપકાર કરે છે,

તે ગુણ નહિ પણ ગુણાભાસ છે.

દેખાય પરોપકાર પણ કાર્ય થાય અહંકારનું, ત્યાં સુધી

પરોપકાર ગુણ વડે જે સ્વાર્થરૂપી મળનો નાશ કરવો છે,

તે આત્મા સિદ્ધ થઈ શકતો નથી.

સર્વ દોષોની જનનીને ઉચ્છેદ કરનાર પરોપકાર ગુણ છે.

કૃતજ્ઞતા = પરોપકારની પૂર્વભૂમિકા અને પૂર્વતૈયારી.
તે પરોપકારગુણના માલિક બનવા માટેની પૂર્વ તાલીમ છે.
નમસ્કાર પરોપકારની તાલીમ આપનારા કૃતજ્ઞતા ગુણનું
સેવન કરાવી, અયોગ્યતા ટાળી મુક્તિની યોગ્યતા આપે છે.
એ યોગ્યતાનો વિકાસ પરોપકાર ગુણમાં પરિણમે છે.

પરોપકારને સારો માનનાર 'કૃતજ્ઞ' કહેવાય છે.

જેને જે સારો માનતાં શીખે,
તેને તે કાલક્રમે પણ એના જેવો કર્યા વિના ન રહે.
પરોપકાર વડે સ્વાર્થવૃત્તિરૂપી સહજમલનો વિનાશ થાય
અને કૃતજ્ઞતા વડે સ્વાર્થવૃત્તિમાંથી મુક્ત થવાની
જીવની સહજ યોગ્યતાનો વિકાસ થાય છે.
કૃતજ્ઞતા ગુણ એમ 'કૃતં' એટલે કે બીજાએ આપણા
ઉપર કરેલાં ઉપકારનું સ્મરણ કરાવે છે, તેમ
પરોપકાર ગુણ પરના આપણા ઉપર થતાં
ઉપકારનું એટલે કૃતજ્ઞતાનું સ્મરણ કરાવે છે.
પરોપકાર એ સ્વપરોપકારનું અનન્ય સાધન છે.

ભવ્યત્વનો પરિપાક કરનાર કૃતજ્ઞતા છે અને
સહજમલ એ સ્વાર્થાંધતા રૂપી દુર્ગંધ છે.
સહજમલનું નિવારણ અહંકાર માટે થતાં
પરોપકારથી થતું નથી પણ પરને આત્મતુલ્ય સમજીને,
સ્વના જેટલો જ ઉપકારનો અધિકારી પર હોય છે,
એમ ધારીને સ્વાર્થવૃત્તિ રૂપી મલને નિવારવા માટેના
આલંબનરૂપે થતું પરનું કાર્ય જ સદ્‌ગુણ ગણાય છે.
નિરહંકાર પરોપકાર વડે સ્વની સ્વાર્થવૃત્તિ
દૂર કરવાના અનન્ય ઉપાયભૂત પરોપકાર ગુણને જીવનમાં
અપનાવવા દ્વારા નવીન કર્મના સંબંધમાં આવવાની
જીવની સહજ યોગ્યતા અથવા
નિત્ય આત્માને મલીન કરનાર અયોગ્યતા દૂર થાય છે.
એમ પરોપકાર સ્વોપકારનું કારણ છે, એટલે
પરોપકાર વડે પરનો નહિ પણ સ્વનો ઉપકાર સધાય છે,
તેમ 'પર' ઉપર થતાં ઉપકાર દ્વારા
ઉપકાર કરનારના 'સ્વ'ને તારનાર થાય છે.

એ તત્ત્વજ્ઞાનના આધારે પરોપકાર
એ સ્વ ઉપકારને જણાવનાર હોવાથી કૃતજ્ઞતા ગુણને
પુષ્ટ કરે છે અને કૃતજ્ઞતા એ પરના થયેલાં ઉપકારનું
વૈશિષ્ટ્ય જણાવનાર હોવાથી પરોપકારને પુષ્ટિ આપે છે.
'આત્મા દેહાદિથી ભિન્ન, ઉપયોગાદિ લક્ષણવાળો છે,
આત્મા ચેતન અને અવિનાશી પદાર્થ છે'
આ બધું શાસ્ત્રીય જ્ઞાન એ પરજ્ઞાન છે.
તેને 'સ્વજ્ઞાન' બનાવવા એ જ્ઞાન આપનાર
મહાપુરૂષો પ્રત્યે કૃતજ્ઞ બનવું જોઇએ અને એ જ્ઞાન
જેઓમાં નથી, તેઓને પમાડવા પ્રયત્ન કરવો જોઇએ.
કૃતજ્ઞતા જેમ જ્ઞાનસ્વરૂપ છે, તેમ પરોપકાર
પણ નિપુણ બુદ્ધિગમ્ય હોવાથી જ્ઞાનસ્વરૂપ માનેલો છે.
પરાપકાર જેમ સ્વાપકારમાં નિમિત્ત બને છે, તેમ
પરોપકાર એ સ્વોપકારમાં નિમિત્ત થાય છે.
સર્વ જીવો ઉપર આત્મદૃષ્ટિ રાખ્યાં વિના કોઇપણ
આત્મા કદી તાત્ત્વિક શાંતિ - ચિત્તસમાધિ પામી શકતો નથી.

A hundred times everyday I remind myself that my inner and outer life is based on the labours of other men, living and dead & that I must excert myself in order to give in the same measure as I have received and am still receiving. - Albert Einstein

અનુવાદ: રોજ સવાર આ વાત હું રોજ સો વાર ઘૂંટ્યા કરું છું મનમાં કે: 'મારી આ જીવનકથા, બાહ્ય - આભ્યંતરે
જે ફૂલરૂપે ઉઘડી, તે તો નહિં મારું જ ફક્ત કેવળ,
ને આ જગે દેખુ - ન દેખુ આ ઘડી,
અહીં ઘણાંના શ્રમનું જ ફળ, મારે ય તો અર્પણ જ,
રહી પ્રભુજી જે મેળવ્યું ને હજી યે હું મેળવું,
તે તો વ્યાજ સાથે આપી ચૂકતે જવું,
દેવા બધું દેવું દૂધે જ ધોઈને, અવશ્ય મારે મથવું જ જરૂરી.'

વસ્તુના અનેક ધર્મોમાં ઉપચારિત્વ, અનુપચારિત્વ,
અપચારિત્વ વગેરે પણ રહેલાં જ છે. પરિણામની વિશુદ્ધિ
માટે ઉપચારિત્વ અંશને આગળ કરવો જ રહ્યો.

ચિત્તવિશુદ્ધિ એ ધર્મ અને ચિત્તસંક્લેશ એ અધર્મ છે.
સંક્લેશ નિવારી વિશુદ્ધિ પેદા કરવા વસ્તુમાં રહેલો
ઉપચારિત્વ ધર્મ અને પોતાનામાં રહેલ અપચારિત્વ ધર્મ
આગળ કરવાથી જ અન્ય જીવો સાથે
સાચા ભાતભાવણાં અને હિતચિંતા થઈ શકે.

સૌ જીવો ઉપકારદૃષ્ટિ અને ગુણદૃષ્ટિએ જોવાલાયક છે.
સર્વ જીવોને ગુણદૃષ્ટિએ ન જોવાથી કૃતઘ્નતા ટકાય છે.

આપણો ઉપકાર કરનારને જ ઉપકારી તરીકે ન જાણો,
જ્યારે આપણો ઉપકાર ન કરનારને પણ
ઉપકારમાં નિમિત્ત બનનાર ગણી ઉપકારી જાણો છે.

પરોપકારમાં વપરાતું ઘાસ કે રાખ પણ શ્રેષ્ઠ છે,
પરંતુ પુરુષ પણ જો પરોપકાર કરી શકતો નહિ,
તો તે પુરુષ નકામો છે - તેનું જીવ્યું વ્યર્થ છે.

ઢુંને સાથે લઈને કોઈ મોક્ષમાં ગયું નથી, જવાનું નથી.

કુટિલ સ્વાર્થના વિચારો પ્રકૃતિને દૂષિત કરે છે.

દૂષિત થયેલાં તે પ્રકૃતિ ભવ્યદાનની પાત્રતા ગુમાવે છે.

પાપને વધારનારો સ્વાર્થ છે, તેથી તે ઘટવો જોઈએ.

પરમાર્થ ભવ્યત્વ વિકસાવનારો હોવાથી વધવો જોઈએ.

કૃતજ્ઞતા ગુણ પ્રથમ ગુણસ્થાનકનો હોય છે.

પરોપકાર ગુણ છઠ્ઠા ગુણસ્થાનકનો હોય છે.

આત્મસમદર્શિત્વ એ ૭મા ગુણસ્થાનકનો હોય છે.

પરમાત્મસમદર્શિત્વ ૮ થી ૧૨ ગુણસ્થાનક સુધીનો પ્રકર્ષ છે.

૧૩ - ૧૪ ગુણસ્થાનક પરમાત્મસ્વરૂપ છે.

ભગવાનની ભક્તિ એ કૃતજ્ઞતા ગુણનું સંગીત છે.

સર્વ જીવો સાથે આત્મતુલ્યભાવ -

એ જ જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે.

જીવત્વની વિરાધનાથી જ જીવ ભવમાં ભટકે છે.

જ્યાં સુધી એ વિરાધના ન મટે,

ત્યાં સુધી ભવભ્રમણ ટળે એમ નથી.

પરોપકારનિષ્ઠામાં દોષાદિની ચોરીનું પ્રાયશ્ચિત છે.

'સામાને જે આપણા જેવું દુઃખ થઈ શકે છે'
એવી માન્યતા આપણી કંઈક ઓછી હોયછે
આપણો સ્વાર્થ આપણને પાછો લાગવાનો જ છે.

'સામાને પણ આપણા જેવી જ
સુખ અને દુઃખની સંવેદના હોય છે'
તેવો વિચાર જ આપણને પરોપકાર તરફ વાળે છે.

'સંઘે શક્તિઃ કલૌયુગે ।'
અર્થાત્: કલિયુગમાં સંઘ - સમૂહમાં જ શક્તિ છે.

નામજપ એ ભગવત્કૃપા આકર્ષણનું એક યંત્ર છે.

તપથી અંતઃકરણની વિશુદ્ધિ થાય છે.
તપની શક્તિથી અપાય પણ ઉપાયરૂપ બની જાય છે.

નિર્ગર્વતા, નિર્મત્સરતા, ભૂતદયા, નમ્રતા,
અક્રૂરતા અને પરોપકાર - સૌ ઉપાયના અનુપાન છે.

પરોપકાર કરવામાં તત્પર એવા સજ્જન પુરુષો શું શું
નહિ કરતાં ? સમુદ્રનું ખારું પાણી વાદળો ગ્રહણ કરે છે.

આજની અંતઃસ્ફુરણા - સ્વપ્ન - પ્રજ્ઞપ્રકાશ - આવિર્ભાવ

(1) આજે આબુજી મહાતીર્થમાં ચૈત્ર સુદ - ૧૩ શ્રી વીર જન્મકલ્યાણક દિને ત્રીજા પ્રહરે ધ્યાનમાં સંભળાયું કે:

'ભારતનો સકલ શ્રી જૈન સંઘ
દેવ-ગુરુની કૃતઘ્નતાનું ફળ ભોગવી રહ્યો છે.'
દેવ અને ગુરુની નિઃસીમ કૃપાને
ઠોકરો મૂકવાના ફળરૂપ - કૃતઘ્નતા દાવાનળથી જ
આજની શ્રી સંઘની આવી સ્થિતિ છે.

(2) તે પછી સાંજે...

દેરાસરજીમાં ખમાસમણા દેતી વખતે વિચાર આવ્યો કે:
ત્રણ ખમાસમણા વડે દેવાધિદેવ પાસે
ત્રણ જગતના જીવોના હિતની યાચના કરવી જોઈએ.
પહેલાં ખમાસમણે નરકના જીવોને યાદ કરીને
દુઃખ તેમ જ ભયનમસ્કાર થવો જોઈએ.
બીજું ખમાસમણું મનુષ્યલોકને અને ત્રીજું ખમાસમણું
દેવલોકના દેવોના કલ્યાણને કાજે જવું જોઈએ.

(3) કૃતજ્ઞતા દર્શાવવાને બદલે એમ માનવું કે:
'મારા પ્રયત્ન સિવાય કોઈ મને સુખી ન કરી શકે'
તેનો તો સીધો સાદો અર્થ થાય કે:
જગના હિતની ચિંતા કરનારા
મહાન આત્માઓ આ જગતમાં વિદ્યમાન નથી અથવા
તો તે આત્માઓ પણ પોતાના આત્મા સિવાય
અન્ય કોઈનું શુભ કરી શકતાં નથી.

(4) મોડી રાતે આખા શરીરમાં સોજું આવવાનું દેખાયું કે જેને દેવ-ગુરુની જીવતી જાગતી કરુણા જ કહી શકાય. અનુભવાયું કે શ્વાસોચ્છ્વાસથી પણ વધુ નજીક દેવ-ગુરુની કૃપા રહેતી હોય છે અને આપણે કૃતઘ્ન છીએ!

(5) શ્રી જિનેશ્વર દેવોના આત્મદ્રવ્યની ઉત્તમતાના કારણે તેમાં તાદાત્મ્ય-ભક્તિનો અભેદ રચાતો હોય છે. કૃતજ્ઞતા ગુણને વિકસાવવા 'નમો અરિહંતાણં' મંત્રપદ છે. એને શ્વાસની જેમ ધારણ કરવા વડે અધઃપતનથી બચાય અને ઊર્ધ્વગમન કરાવવા માટે સમર્થ થઈ શકે છે.

## અરિહંતો અને સિદ્ધોનો ઉપકાર

સાધુઓ વિતરાગીઓમાં ભેદ કરતાં વધુ સક્રિય છે, એવી જ રીતે અરિહંતો અને સિદ્ધોનું અસ્તિત્વ સાધુઓ કરતાં બહુ વિશ્વહિતમાં ઉત્કૃષ્ટ સક્રિય છે. જેમ નાનકડાં ગામડાનો મજૂર દિલ્હીના રાજભવનમાં રહેલ વડાપ્રધાન કે રાજપ્રમુખની રાજ્યના વ્યવસ્થિત સંચાલનમાં કેટલી ઉપકારકતા છે, તે ન જાણી શકે, તેમ અજ્ઞાની અને અનુભવહીન પામર જીવ અરિહંતો અને સિદ્ધોના અસ્તિત્વની ઉપકારકતાને સમજી કે સ્વીકારી ન શકે.

અરિહંતોનું જીવન, સ્વરૂપ, ગુણો, ભાવના અને ઉપકારને આપણે સૌએ જીવનમાં ઉતારવા જ જોઈએ.

કેવળ અરિહંતો અને પંચ પરમેષ્ઠિ ભગવંતો જ ઉપકારક અને જીવમાત્રને શરણભૂત છે, એમ નહિ બહુ સમગ્ર સૃષ્ટિ મુક્તિગમન પ્રત્યે જીવમાત્રને ઉપકારક છે, તેથી શરણભૂત છે. પરમેષ્ઠિ ભગવંતો તો ઉપકારકતાની સમગ્રતાનું એક પ્રત્યક્ષમાત્ર છે.

## લેશ્યાની વિશુદ્ધિના ઉપાયો

મલિન દર્પણની અશુદ્ધિ જેમ રાખ ઘસવાથી દૂર થાય, તેમ સહજમલના કારણે જીવમાં ઉછળતી રાગ-દ્વેષની તીવ્ર ચીકાશ કૃતજ્ઞતાદિ મંગલ ભાવોથી દૂર થાય છે. જે જે ઉપાય વડે જીવની સ્નિગ્ધતા દૂર થાય અને રાગ-દ્વેષની ચીકાશ ટળે, તે તે બધા ઉપાય રૂક્ષ રાખના સ્થાને છે. તેમાં બ્રહ્મચર્ય, પરોપકૃતિ, કૃતજ્ઞતાદિ ઉપાયો મુખ્ય છે. દેવ-ગુરુની ભક્તિ, દીન-અનાથની અનુકંપા, તપશ્ચર્યા, કૃતજ્ઞતાદિ ઉપાયો શુભ લેશ્યાની વિશુદ્ધિના હેતુ છે. તે બધામાં મુખ્ય કૃતજ્ઞતાભાવ છે અને તે ભાવને ભાવિત કરવા માટે અરિહંત પદને વારંવાર નમસ્કાર છે. આ દૃષ્ટિ શુદ્ધ છે કે મારો અપકાર મારાથી જ થાય અને મારો ઉપકાર મારાં સિવાય જગતની સહાયથી જ થાય. હું નીચે પડું છું, તેમાં હું એકલો જ કારણ છું તથા હું ઊંચે ચઢું છું, તેમાં મારાં વિના અનેક આલંબનો કારણ છે, એમ માનવાનું મૂળ કારણ એ છે કે:

જીવ પોતે અનાદિકાળથી કર્મના ભારથી ભારે છે જ,
તેથી પતનમાં તે ભાર કારણ છે.

'અવલંબન' શબ્દ અર્થ કરે છે કે:
તે કર્મનો ભાર ભાગ્યના કારણે નહીં, પોતાના કારણે છે.
ભારે જીવને જ ઊંચે આવવા માટે આલંબનની જરૂર છે.
એ આલંબન મળે તો જ તેના સહાયથી તે ઊંચે જઈ શકે.
તેથી ઊંચે જવામાં પોતાની યોગ્યતા ઉપરાંત
બહારની સહાયનો ઉપકાર સ્વીકારવો જોઈએ અને
એનું જ નામ 'કૃતજ્ઞતા' છે.
પર પ્રત્યે કૃતજ્ઞ અને સ્વપ્રત્યે કઠોર રહેવું જોઈએ,
તેથી જ મહાપુરુષો સ્વપ્રત્યે વજ્રથી પણ કઠોર રહે છે
અને પર પ્રત્યે કુસુમથી પણ કોમળ રહે છે.
ઉપકારને સ્વીકારવો, એ ચિત્તવિશુદ્ધિ છે અને
ઉપકારને ન સ્વીકારવો, એ ચિત્તમાલિન્ય છે.
જીવ જો ઉપકાર સ્વીકારતો નથી, તો નીચે પડે અને
જો સ્વીકારે છે, તો ઉપર આવે છે.

દુઃખી ઉપર કરુણાથી અશુભ મટશે,
સુખી ઉપર પ્રમોદથી શુભ નિવર્તશે.

શુભ - અશુભ ભોગવવાની આ પરમ યુક્તિ છે.
પછી પરભાવ છૂટી સ્વભાવમાં ભળતા આવડી જશે,
આત્મધ્યાનાગ્નિમાં રાગ હોમાઈ જશે અને
વીતરાગ થઈ નિજ સ્વરૂપાનંદમાં મહાલવાનું થશે.

ધર્માત્માનું રહસ્ય નમ્રતાના ગુણમાં છૂપાયેલું છે.
અધર્માત્માનું રહસ્ય અનમ્રતા કે નિંદાના દોષમાં છે.
પોતાનાથી અધિક પ્રત્યે નમ્રતા અને પોતાનાથી હીન
પ્રત્યે કરુણા - ઉપકાર સત્જીવનના પ્રારંભ માટે અનિવાર્ય છે.

જેમ જેમ હીન પ્રત્યે કરુણા વધે છે,
તેમ તેમ અધિક તરફથી અધિક ઉપકાર થાય છે.
જેમ જેમ અધિક પ્રત્યે નમ્રતાભાવ વધે છે,
તેમ તેમ હીન પ્રત્યે કરુણાભાવ વધે છે.

હીનની આશિષ અને અધિકની કરુણા -
જે એકઠાં મળીને જીવની શુદ્ધિ અને સિદ્ધિ સાધે છે.

અધિકની કરૂણા મેળવવા દીન પ્રત્યે ઉપકારવૃત્તિ વધારવી.

દીનની આશિષ પરોપકારની અપેક્ષા રાખે છે અને અધિકની કરૂણા ભક્તિભાવની, કૃતજ્ઞતા ગુણની, વિનય અને નમ્રતાની અપેક્ષા રાખે છે.

વિશિષ્ટ આત્મરમણતાનો ઉપાય પરહિતરતતા છે.

પ્રતિજ્ઞાનો ભંગ કરાવનાર છે સ્વાર્થનો ભાર.

સ્વાર્થ જેટલો ઘટાડાય તો એટલી હળવાશ આવે અને દેવાધિદેવની મહાકરૂણાના ધ્યાનના અલૌકિક પ્રભાવે પરહિતરતતા અને તેના પરિણામે પ્રગટ થતી વિશિષ્ટ આત્મરમણતા સહજ બને છે.

કરૂણા એ આધ્યાત્મિક આરોગ્યનું રસાયણ છે. આવી જ ભાવનામાં સંલગ્ન મહાન પુરુષ આત્મમહિમા સમજે છે.

પ્રવચનનો સાર ભણવું નહિ, કિન્તુ શમવું એ કહ્યો છે.

અપરાધની માફી આપીને જ ઉપકારની વૃત્તિ ન રહે, તો ફરી અપરાધ થાય છે. ઉપકારની ભાવનામાં જ એ સામર્થ્ય છે કે તે હંમેશને માટે અપરાધને શમાવે છે.

## સાચો નમસ્કાર કોને કહેવાય ?

અયોગ્યતાના સતત સ્મરણથી ભૂલ પોતે અન્ય ઉપર કોપ થવાનું કારણ જ રહેતું નથી. એ રીતે પર વડે થઈ રહેલાં સતત ઉપકારના સ્મરણથી કૃતજ્ઞતાભાવ જળવાઈ રહે છે, તેથી અહંકાર નામનું ઝેર ગળી જાય છે.

એ જ સાચો નમસ્કાર છે.

ભગવાનની એ દેશના પ્રથમ ૩ નયની છે કે:

'નિમિત્ત ઉપકાર કરનાર છે.'

એ પછીના ૪ નય ઉપાદાનના ઉપકારને જણાવે છે, તેથી દૂષિત જીવો માટે દુષમ કાળના દોષથી પછીના ૪ નયોની દેશના આપવાનો નિષેધ કર્યો છે.

નિમિત્તને ઉપકારક માન્યા વિના શુદ્ધ ભાવનો અંશ પણ જાગી શકતો નથી.

વ્યવહારનય નિમિત્તને ઉપકારક માને છે, નિશ્ચયનય નિમિત્ત કારણને માત્ર અવલંબ સંનિધિરૂપ અને પોતાના ભાવને જ અસાધારણ કારણ માને છે.

મૈત્રી તેના સાથે કરવી, જે કદી છોડે નહિ.
એવો સંબંધી તો એક ધર્મ જ છે.
ધર્મ સાથે રોજ વાત કરીએ કે:

'સર્વ જીવો તારા સ્વજન-પરજનો અનંતી વાર થયાં છે, માટે તેમાંથી સ્વ અને પરનો વિભાગ કાઢી સર્વ જીવો સમાન બની જા. સર્વ સાથે મૈત્રી રાખ, સમભાવ રાખ'.
પોતાનાથી અધિક પ્રત્યે કૃતજ્ઞતાના ભાવથી અને દીન પ્રત્યે કરુણાના ભાવથી સજ્જનતા વૃદ્ધિ પામે છે, તેથી તેના હ્રાસનો ઉપાય પણ તેથી ઉલટું વર્તન કરવું તે છે.

રોજે રોજ સૌ એવી ભાવના ભાવો કે:

ધર્મનો વિજય થાઓ, અધર્મનો પરાભવ થાઓ,
જીવોની સદ્ભાવનાઓથી સમગ્ર વિશ્વનું મંગલ થાઓ.
જેમનું સ્ફટિક જેવું નિર્મળ ચિત્ત રાગ ગ્રહણ કરતું નથી,
જેના કરુણારૂપી પર્વતથી મનમાં સર્વ દોષો રોકાયા છે,
જેના અક્રોધ વડે સંસારશત્રુ ચોતરફથી હણાયો છે, એવા
સવિતા ભગવંત કલ્યાણ (નિશ્ચલ મોક્ષ) માટે થાઓ.

## 'મંગલ' એટલે...

અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ અથવા
અહિંસા, સંયમ, તપ કે દાન, શીલ, તપ, ભાવ અથવા
મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્યભાવ અથવા
શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્યભાવ.

ચારેય શબ્દો જ્યારે નીચેના શુભ કર્મોમાં વીર્ય ફોરવાય:
(૧) દેવપૂજા, ગુરુસેવા, પાત્રદાન (૨) સજ્જનોને સન્માન
(3) ઉત્તમ સોબત (૪) પરોપકાર, દીન-અનાથને મદદ
(૫) મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્યની ભાવના.

સકલ જંતુ ઉપરની કરુણારૂપી શેત્રુંજી નદીમાં નાહીને
પવિત્ર થતાં હૃદય દ્વારા આત્મારૂપી આદિનાથ તરફ
જતાં ડગલે ડગલે કરોડો ભવનાં કર્મશત્રુઓ હણાય છે.

અંતરાત્મભાવ પામીને સર્વ જીવોની ઉપર
એકસરખી કરુણા થવાથી રાગ-દ્વેષ-મોહ જાય છે.

બ્રહ્મભાવનું પણ પૂરેપૂરું વિકસે છે, ત્યારે
મહાકરુણા અને પ્રેમ આપોઆપ સ્ફુરે છે.

ચિત્તસ્થિરતા એ જ ધર્મ-શુક્લધ્યાન છે.

शुभं धर्मशुक्लध्यानरूपं यत् चेतसः स्थैर्यं तेन,
शुभस्थैर्येण चेतसः । विजयेत् आर्तरौद्रं च ।

મૈત્ર્યાદિ ભાવનાથી પ્રાપ્ત થતી
ચિત્તની શુભ સ્થિરતા વડે આર્તરૌદ્રનો વિજય થાય.

खामेमि सव्व जीवे, सव्वे जीवा खमंतु मे ।
मित्ती मे सव्व भूएसु, वेरं मज्झ न केणइ ॥

અનંત ભવોમાં, અજ્ઞાન અને મોહથી મેં
જે જે જીવોને ત્રાસ આપેલ છે, તે સર્વને હું ખમાવું છું.
સર્વ જીવો મને માફી આપશો.

પોતે અન્યને ખમાવે તે બરોબર છે,
પરંતુ અન્ય સર્વ જીવો પ્રતિ ખમાવવાનું જે કરે છે,
તેમાં મુખ્ય હેતુ એ છે કે:
'મારા તરફના વેર-વિરોધ નિમિત્તે તેઓને કર્મનો બંધ
ન થાઓ' એવી કારુણ્યભાવના ખાતર કરવાની છે,
કારણ કે મને સર્વ પ્રાણીઓમાં મૈત્રીભાવ છે.

માધુર્ય - Love for all is an effect.
Shall I tell what the cause is?
Nature is but a name for an effect,
whose cause is love.
We love, because He first loved us.
Hatred begets hatred.
Life itself can't give us joy,
unless we really deserve it.
Life just gives us time & space.
It is up to us to fill it.
What to never underestimate?
Answer: The power of love or માધુર્ય.
We are never so helpless,
that we cannot be helpful.
Nothing less can give us peace.

Why is જીવમૈત્રી greater than charity?
Because the whole is always
greater than the part.
Why is જીવમૈત્રી greater than faith?
Because the end is always
greater than the means.
અમૈત્રી or Hatred is like acid.
So in forgiving, we relieve ourself
of dangerous diseases and we
prevent hatred from harming us.
Without the love for all જીવ,
no man can become whole.
Love, wisdom, strength, peace and
power of મૈત્રી, પરોપકાર & ઉદારતા are the
attributes of spiritual person.

## 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ગ્રંથોના પ્રતિભાવમાં ક્રમશઃ આવેલ થોડાં પત્રોની અંશોક્તિઃ

**પ.પૂ. આચાર્યશ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબઃ** પૂજ્ય પંન્યાસજી મહારાજના આ અમૂલ્ય નજરાણાંઓને ધન્યવાદ આપું એટલા ઓછાં છે. વર્ષોથી બંધ અત્તરની બાટલીઓ આખરે ખૂલી ખરી! તેમણે સમયનો કેવો સદુપયોગ કર્યો કે જિનશાસનના એકએકથી ચડિયાતા ભવ્યતમ પદાર્થોને એકદમ ચોટદાર-સરળ ભાષામાં શબ્દદેહ આપી સકળશ્રી સંઘ સમક્ષ રજૂ કર્યાં! લેખન-પ્રવચન-વાચનાદિની ગમે તેવી વ્યસ્તતા હોય, તો ય નજરાણું આવે અને બધા જ કાર્યોને નંબર બે ઉપર રાખી દઈ પહેલા એનાં જ પાનેપાનાં વાંચી લઉં. તેમના વરદ હસ્તે ચિંતનની ડાયરી તો નહીં, એક પાનું ય લખાયેલું હોય, તો એને પણ શ્રી સંઘ સમક્ષ ખુલ્લું કરી જ દેજો. આનંદ, અહોભાવ, અશ્રુ અને અનુમોદના. અસ્તુ.

- રત્નસુંદરસૂરિ

**પ.પૂ. આચાર્યશ્રી જગવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબઃ** પૂજ્ય પંન્યાસજી મહારાજનું આ સાહિત્ય મારા સહિત અનેક વાચકોના હૃદયમાં જે તીવ્ર અસરો પેદા કરાવી રહ્યું છે, એનું મુખ્ય કોઈ કારણ હોય તો એક માત્ર... સાહેબજીના હસ્તાક્ષરો! આ જ સાહિત્ય જો કંપોઝ (DTP) થઈને પ્રકાશિત થયું હોત, તો કદાચ આટલું બધું અનુભૂતિપ્રદ ન જ બન્યું હોત, એ હકીકત છે. તેઓના હસ્તાક્ષરોના કારણે વાંચતાં વાંચતાં પૂ. પંન્યાસજી મહારાજની જાણે જીવંતતા અનુભવાય છે.

- દ. લિ. મુ. દાનવલ્લભ વિ.

**પ.પૂ. આચાર્યશ્રી પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબઃ** 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' છેલ્લો ગ્રંથ ગઈકાલે જ મળ્યો. કાર્યની ઝડપ તથા કાર્યપદ્ધતિને ધન્યવાદ ઘટે. આ સમગ્ર પ્રકાશન કાર્યમાં સંપત્તિનું સમર્પણ શ્રી સી.કે.મહેતાનું છે, તેમને પણ અનુમોદના રૂપે એક પત્ર પાઠવવો છે. તો સરનામું - ફોન નંબર આપશો. શ્રુતસાધનામાં સદાય રમમાણ રહો.

- દ. [illegible]

**પ.પૂ. ઉપાધ્યાયશ્રી ભુવનચંદ્રવિજયજી મહારાજ સાહેબઃ** મહાપુરૂષના સ્વહસ્તાક્ષરનાં

દર્શન કરવાનો એક આનંદ હોય છે, સાથે સાથે એ ઉકેલવાનું બધા માટે સરળ પણ નથી હોતું. વિષય પણ અઘરો અને શબ્દો પણ અજાણ્યાં! વાંચવા-સમજવામાં કષ્ટ રહે જ. જો વિશાળ વર્ગ સુધી પહોંચાડવું હોય, તો ટાઈપ સેટિંગમાં છપાયેલ ચિંતન વધુ સહાયક બનશે. પંન્યાસજી મહારાજના અંતરંગના અજ્ઞાત-અપ્રસિદ્ધ પાસાં આમાં ઉઘડે છે. જૈન સાધુતાની ગૌરવભરી છબી પણ આ ચિંતનોમાં અંકિત છે. પંન્યાસજી મહારાજની સ્યાદ્વાદથી ભાવિત સર્વસમાવેશક દ્રષ્ટિનાં આમાં ઠેર - ઠેર દર્શન થાય છે.

- [illegible]


**પ.પૂ. મુનિવર્યશ્રી પૂર્ણભદ્રસાગરવિજયજી મહારાજ સાહેબઃ** પૂજ્યપાદ્ જિનશાસનના અણમોલ શ્રમણરત્ન પંન્યાસજી મહારાજનું આ માત્ર અક્ષયપાત્ર નહીં, અમૃતપાત્ર છે. પ્રાયઃ છેલ્લી બે સદીઓમાં આપણા જૈન સંઘમાં અધ્યાત્મજગતના આવા ઉચ્ચ મહાપુરૂષ વિરલ જ હશે. આવા દુર્લભ સત્સાહિત્ય પ્રકાશનની અણમોલ સેવા અત્યંત અનુમોદનીય છે.

- [illegible]

**પ.પૂ. મુનિવર્યશ્રી મંત્રચૈતન્યવિજયજી મહારાજ સાહેબઃ** પંન્યાસજી ભગવંતે જે આલેખન કર્યું છે, જે વીઝન આપ્યું છે, એનું મુલ્યાંકન કરવું પ્રાયઃ અશક્ય છે. મારા માટે તો હસ્તાક્ષર એક ઓચ્છવ ને મહોચ્છવ સમાન સાબિત થયાં છે. ગુરૂદેવની અજોડ આકર્ષક વાણીને જગત સુધી પહોંચાડનારા આ કાર્યની અંતઃકરણથી અનુમોદના. આપણે સહુ, પૂરો શ્રમણસંઘ અને આગળ વધીને જીવમાત્ર પંન્યાસજી ભગવંતની ભાવધારામાં ભાવિત થવા લાગીએ, પૂરા વિશ્વમાં શમત્વની સરગમ ગુંજવા લાગે તો કેવું સારૂં! હમણાં જ ભક્તિયોગાચાર્ય યશોવિજયસૂરીજી ગુરૂદેવનો પત્ર હાથમાં આવ્યો. લખ્યું છે કેઃ 'તને યોગ્ય સમયે પંન્યાસજી ભગવંત મળી ગયા છે. એમનો હાથ પકડીને ચાલજે.' આ વચનોમાં ગુરૂદેવનો તો પ્રેમ તથા અનહદ અનુગ્રહ જ વરસી રહેલ અનુભવાયો. પંન્યાસજી ગુરૂદેવ હસ્તાક્ષરના માધ્યમે આંગળી ઝાલી કેટલાંય કેટલાંય કેટલાંય ભાગ્યવંતોને શાશ્વત લગી અનંત આનંદના ધામ લગી લઈ જશે... એ ભગવાન પંન્યાસજી ગુરૂદેવનો તો અનહદ અનુગ્રહ છે! હું સંવેદનશીલ માણસ છું પંન્યાસજી ગુરૂદેવ પ્રત્યે દિલમાં રહેલ પ્રેમને અભિવ્યક્ત કરી શકું તેમ નથી.

- મુનિ મંત્રચૈતન્યવિજય

ચરમ તીર્થંકર પ્રભુ મહાવીરનું સમોવસરણ



## પંચમહાભૂત અને પ્રમોદ

ઉપાધ્યાયોનો પંચમહાભૂતો પ્રત્યેનો પ્રમોદ નમસ્કારણીય છે.
ગુણવંતોને જોઈ આનંદ પામવો તે પ્રમોદ છે. પ્રમોદ વડે દીનાનુકંપા જન્મે છે.




અવિકસિત અવસ્થામાં પ્રમોદ કેવળ પોતાના ગુણો પ્રત્યે હોય છે,
જ્યારે વિકસિત અવસ્થામાં તે પ્રમોદનું કારણ સર્વ ગુણીજનો બને છે.
દ્વેષભાવથી મુક્તિ મેળવનાર જીવને આંતરિક શાંતિ તથા સ્થિતપ્રજ્ઞતા મળે છે.

www.fiestadesigns.in